અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ નવેમ્બર ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૨, કારતક વદ ૭ | અંક : ૧૨૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૧૫૦ વખત પૃથ્વીનો નાશ થાય તેટલા અમારી પાસે પરમાણુ બોમ્બ : ટ્રમ્પ

# પાકિસ્તાન પરમાણુ હથિયારોનું ટેસ્ટિંગ કરી રહ્યું છે : ડોનાલ્ડ ટ્રમ્પ

## ટ્રમ્પે કહ્યું કે, તેમણે પરમાણુ શસ્ત્રો ઘટાડવા (નિઃશસ્ત્રીકરણ) અંગે રશિયન રાષ્ટ્રપતિ પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરી છે

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ |

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, જેમ ચીન અમેરિકા માટે ખતરો છે, તેમ અમેરિકા ચીન માટે પણ ખતરો છે. ટ્રમ્પે કહ્યું કે, "અમે તેમને જોઈએ છીએ, તેઓ અમને જુએ છે. દુનિયા ખૂબ જ સ્પર્ધાત્મક છે, ખાસ કરીને જ્યારે અમેરિકા અને ચીનની વાત આવે છે." અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત મોટો દાવો કર્યો છે. તેમણે ચીનમાં પરમાણું પરિક્ષણને લઈને નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું કે, ટકરાવને બદલે, બંને દેશોએ સારા પરિણામો



મેળવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે અમેરિકન એજન્સીઓ ચીન પર અમેરિકાની વીજળી અને પાણી પુરવઠા પ્રણાલીમાં ખલેલ પહોંચાડવાનો આરોપ લગાવી રહી છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ચીનના વધતા પરમાણુ શસ્ત્રાગાર પર પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, ચીન ઝડપથી નવા શસ્ત્રો વિકસાવી રહ્યું છે અને પાંચ વર્ષમાં રશિયા અને અમેરિકા સાથે તે પહોંચી શકે છે. ટ્રમ્પે કહ્યું કે, તેમણે પરમાણુ શસ્ત્રો ઘટાડવા (નિઃશસ્ત્રીકરણ) અંગે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરી છે. ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે સ્પર્ધા ચાલુ રહેશે, પરંતુ તે યુદ્ધ કે દુશ્મનાવટમાં પરિણમવી જોઈએ નહીં. તેમણે કહ્યું હતું કે, સહકાર દ્વારા, બંને દેશો વિશ્વને સારી દિશા આપી શકે છે. તેમણે ચીનના વધતા પરમાણુ શસ્ત્રાગાર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "અમારી પાસે સૌથી વધુ પરમાણુ શસ્ત્રો છે, રશિયા બીજા ક્રમે છે અને ચીન હાલમાં ત્રીજા ક્રમે છે, પરંતુ તેઓ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યા છે. મારું માનવું છે કે, હવે બધા દેશોએ પરમાણુ શસ્ત્રો ઘટાડવા, એટલે કે નિઃશસ્ત્રીકરણ તરફ કામ કરવું જોઈએ."

## પાકિસ્તાને અફઘાનિસ્તાન સાથે તણાવનું ઠીકરૂં ભારતના માથે ફોડ્યું

### પાકિસ્તાન સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે જણાવ્યું કે, નવી દિલ્હી પાકિસ્તાન વિરૂદ્ધ ષડયંત્ર રચી રહ્યું છે

| (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩ |

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સરહદ પર ચાલી રહેલો તણાવ બંધ થવાનું નામ લઈ રહ્યો નથી. દરવખતની જેમ આ વખતે પણ પાકિસ્તાન પોતાના કારસ્તાનનું ઠીકરૂ ભારત પર ફોડી રહ્યો છે.

પાકિસ્તાન સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે જણાવ્યું કે, નવી દિલ્હી પાકિસ્તાન વિરૂદ્ધ



ષડયંત્ર રચી રહ્યું છે. પાકિસ્તાનને પૂર્વ અને પશ્ચિમી મોરચા પર વ્યસ્ત રાખવા માગે છે. ડુરંડ લાઈન પર ચાલી રહેલો તણાવ તેના આ ષડયંત્રનો જ એક ભાગ છે.

ખ્વાજા આસિફે ભારત પર નિશાન સાધ્યું કે, જો પુરાવાની જરૂર પડશે, તો અમારી પાસે પુરાવો છે કે, પાકિસ્તાનમાં અસ્થિરતા ફેલાવવામાં ભારતનો હાથ છે, ભારત પૂર્વ અને પશ્ચિમી બંને મોરચા પર પાકિસ્તાનને વ્યસ્ત રાખવા માગે છે. ઉલ્લેખનીય છે, ખ્વાજા આસિફે પોતાના આ નિવેદનને સાચું સાબિત કરવા માટે કોઈ પુરાવો રજૂ કર્યો નથી. તેમણે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સીઝફાયર કરાવવા માટે કતાર અને તૂર્કિયેની મધ્યસ્થીને સમર્થન આપ્યું છે. પાકિસ્તાનનું માનવુ છે કે, અફઘાનિસ્તાનનો મુદ્દો ઝડપથી ઉકેલવો જરૂરી છે, અફઘાનની ધરતી પર વિકસી રહેલા આતંકવાદને ખતમ કરવો પડશે.

## ન્યૂઝ બ્રિફ

### ભારત વર્લ્ડ ચેમ્પિયન બનતા જોઈ ઈમોશનલ થયો રોહિત શર્મા

| (એજન્સી) મુંબઈ, તા.૩ |

૨ નવેમ્બર, ૨૦૨૫ની રાત ભારતીય ક્રિકેટ માટે યાદગાર બની ગઈ હતી. મહિલા ટીમે પોતાનું પ્રથમ ICC મહિલા વર્લ્ડ કપ ટાઈટલ જીત્યું હતું. ફાઈનલ મેચમાં ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને ૫૨ રનથી હરાવ્યું, જેનાથી ૪૭ વર્ષની રાહનો અંત આવ્યો હતો. સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકાની છેલ્લી વિકેટ પડતાં જ સમગ્ર રાષ્ટ્ર "ભારત માતા કી જય" ના નારાથી ગૂંજી ઉઠ્યું હતું. આ ઐતિહાસિક જીત સાથે ભારતીય મહિલા ક્રિકેટ વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિના શિખર પર પહોંચી ગયું છે. ૧૯૮૩માં કપિલ દેવની પ્રથમ વર્લ્ડ કપ ટ્રોફી ચૂકી ગયેલા લોકોએ પણ હરમન દ્વારા તેમની ઈચ્છા પૂર્ણ કરી છે. આ જીત સાબિત કરે છે કે ભારતની દીકરીઓ હવે ફક્ત મેદાન પર જ સ્પર્ધા કરી રહી નથી, પરંતુ ઈતિહાસ રચી રહી છે. દરમિયાન જ્યારે ભારતે તેમની જીતની ઉજવણી કરી ત્યારે કેમેરામેને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માને કેદ કર્યો હતો. રોહિત શર્મા મહિલા ટીમને વર્લ્ડ કપ જીતતા જોઈને ભાવુક થઈ ગયો હતો. આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાસ્તવમાં રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ભારતીય પુરુષ ટીમે ૨૦૨૪ T20 વર્લ્ડ કપ અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી.

### જયપુરમાં ડમ્પરે ૫૦થી વધુ લોકોને કચડ્યા

## જયપુરમાં ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ લોકોના મોત

| (એજન્સી) જયપુર, તા.૩ |

રાજસ્થાનના જયપુરમાં ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ લોકોના મોત થયા છે જ્યારે ૪૦ ઈજાગ્રસ્ત છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર ઈજાના કારણે મોતનો આંકડો હજુ પણ વધે તેવી આશંકા છે. સ્થાનિકોનો દાવો છે કે બેફામ ડમ્પર ચાલકે સૌથી પહેલા એક કારને ટક્કર મારી અને પછી અન્ય ગાડીઓને કચડતો ગયો. અકસ્માત એટલો ભીષણ હતો કે ડમ્પરના ૩૦થી ૪૦ ગાડીઓની એક બીજામાં ટક્કર



થઈ. ડમ્પરની સામે જે આવ્યું તેને ટક્કર મારી અને આશરે ૫૦ લોકોને કચડી નાંખ્યા. ડ્રાઈવરે ચિક્કાર દારૂ પીધો હોવાનો પણ દાવો છે. અકસ્માત બાદ હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક ધોરણે પોલીસે કહ્યું છે કે ડમ્પર ચાલકે પથી વધુ ગાડીઓને ટક્કર મારી ૫૦ લોકોને કચડ્યાં છે, જેના કારણે ૧૪ લોકોના મોત થયાના અહેવાલ છે. કેટલાક લોકો ગાડીઓની નીચે દબાઈ ગયા હતા. લોહા મંડી રોડ નંબર ૧૪ પર થયેલા આ અકસ્માત બાદ ગાડીઓના ફૂરચાં ઊડી ગયા હતા. અકસ્માત બપોરે ૧ વાગ્યાની આસપાસ થયો. ડમ્પર અનેક વાહનો અને માણસોને કચડતો ગયો પછી છેલ્લે મોટા ડિવાઈડર સાથે અથડાઈ ઊભો રહ્યો. ઘટના એટલી ઝડપથી બની કે લોકોને બચીને ભાગવાનો મોકો પણ ન મળ્યો. રસ્તા પર જ્યાં ત્યાં લોકોના મૃતદેહ વિખેરાઈ ગયા. અનેક લોકોના શરીરના અંગ પણ કપાઈને રસ્તા પર વિખેરાઈ ગયા હતા. ઈજાગ્રસ્તો રસ્તા પર મદદની માંગ સાથે તડપતાં હતા. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો પહોંચ્યા હતા ડમ્પરને હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. વાહનો ક્ષતિગ્રસ્ત થયા બાદ અનેક લોકો કારની અંદર જ ફસાઈ ગયા હતા. તેમને કટિંગ મશીનની મદદથી બહાર કાઢવામાં આવ્યા. હાલ તો પોલીસ મૃતકોની ઓળખ કરી તેમના પરિજનોને જાણ કરવાનો પ્રયાસ કરી રહી છે.

### ફ્લેટ-પ્લોટ, ઓફિસ સહિત રૂ.૩૦૦૦ કરોડની સંપત્તિ જપ્ત

| મુંબઈ, તા.૩ |

અનિલ અંબાણી પર ફરી એકવાર ઈડીએ સંકજો કસ્યો છે. તેમની મુશ્કેલીઓ દૂર થવાનું નામ લઈ રહી નથી. ઈડીએ મુંબઈના પાલી હિલ સ્થિત અનિલ અંબાણીના ઘરથી માંડી દિલ્હીમાં રિલાયન્સ સેન્ટર પ્રોપર્ટી અને દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, મુંબઈ, પૂણે, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ, કાંચીપુરમ અને ઈસ્ટ ગોદાવરી સહિત ફેલાયેલી રૂ. ૩૦૮૪ કરોડની ૪૦ સંપત્તિઓ ટાંચમાં લીધી છે.

### ૨૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે

## બિહારમાં સાંસદ પ્રિયંકા ગાંધીએ મહાગઠબંધનની ગેરંટીની યાદી આપી

### પરીક્ષા ફી માફ કરવામાં આવશે, નોકરીના કેલેન્ડર મુજબ નિમણૂકો સમયસર પૂર્ણ કરવામાં આવશે : પ્રિયંકા ગાંધી

| (એજન્સી) પટણા, તા.૩ |

કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે (ત્રીજી નવેમ્બર) સહરસાના સોનબરસામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે મહાગઠબંધન સત્તામાં આવશે તો લેવાનારા મહત્ત્વના નિર્ણયોની જાહેરાત કરી, તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા અપમાન મંત્રાલય બનાવવાનું સૂચન કર્યું હતું.

ચૂંટણી રેલીને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, પરીક્ષા ફી માફ કરવામાં આવશે, નોકરીના કેલેન્ડર મુજબ નિમણૂકો સમયસર પૂર્ણ કરવામાં આવશે. જો મહાગઠબંધન સરકાર બનશે તો ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ અનામત લાગુ કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, હું વડાપ્રધાનને એક સૂચન કરવા માંગુ છું. વડાપ્રધાનનો સમય રોજગાર પૂરો પાડવા, વિકાસને પ્રોત્સાહન આપવા અને મોટા ઉદ્યોગો સ્થાપવામાં ખર્ચ કરવો જોઈએ. મારું સૂચન છે કે તે એક નવું મંત્રાલય બનાવે અને તેને અપમાન મંત્રાલય કહે જેથી તેમનો સમય બગાડાય નહીં. જ્યારે તમે તમારી નોકરી, તમારા રોજગાર માટે વિરોધ કરો છો,



અને તેમને લાગે છે કે કોઈ પ્રશ્ન ઉઠાવી રહ્યું છે તે દેશનું અપમાન કરી રહ્યું છે, ત્યારે અપમાન મંત્રાલય તમને બોલાવી શકે છે. હું એ પણ સૂચન કરું છું કે આ મંત્રાલય મારા પરિવાર વિશે કરવામાં આવેલી બધી નકારાત્મક ટિપ્પણીઓનો રેકોર્ડ રાખે. આનાથી આખી લાઈબ્રેરી ભરાઈ જશે. કોંગ્રેસ અને મહાગઠબંધનના વચનો - પરીક્ષા ફી માફ કરવામાં આવશે. - પરીક્ષામાં આવવા-જવા માટેનો મુસાફરી ખર્ચ આવરી લેવામાં આવશે.

- નોકરીના કેલેન્ડર મુજબ બધી નિમણૂકો સમયસર પૂર્ણ કરવામાં આવશે.
- પેપર લીક સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.
- દરેક પરિવારમાં એક વ્યક્તિને સરકારી નોકરી મળશે.
- ૨,૦૦૦ એકરનું શિક્ષણ શહેર અને ઔદ્યોગિક ક્લસ્ટર બનાવવામાં આવશે.
- ગરીબ પરિવારોને ઉદ્યોગો શરૂ કરવા માટે ૨ લાખ રૂપિયાની સહાય.
- ખાલી સરકારી જગ્યાઓ પર નિમણૂકો, બિહારીઓ માટે ખાસ અનામત સાથે.

### વડાપ્રધાન મોદીના વિરોધીઓ પર આકરા પ્રહાર

## આરજેડીએ કોંગ્રેસને બંદૂક બતાવીને મુખ્યમંત્રીનું નામ જાહેર કરાવ્યું

| (એજન્સી) કટિહાર, તા.૩ |

બિહારના કટિહાર જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરજેડી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસના નેતાએ છઠ ઉત્સવને નાટક ગણાવ્યો હતો જેથી બિહારના લોકો આરજેડી પર પોતાનો ગુસ્સો ઠાલવે અને તેને હરાવે. પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે આરજેડીએ કોંગ્રેસને બંદૂક બતાવીને મુખ્યમંત્રીનું નામ જાહેર કરાવ્યું. પીએમ મોદીએ આરજેડીના પોસ્ટરમાંથી પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવનો ફોટો ગાયબ થવાની આકરી ટીકા કરી. તેમણે કહ્યું, "આરજેડી-કોંગ્રેસના પોસ્ટરો જુઓ. તેઓ (લાલુ યાદવ), જે વર્ષો સુધી મુખ્યમંત્રી રહ્યા અને બિહારમાં જંગલરાજ લાવ્યા, તેમનો ફોટો પોસ્ટરોમાંથી ગાયબ છે અથવા નાના લાગ્યા છે જે દુરબીનથી પણ જોઈ શકાતો નથી. તમને તમારા પિતાનું નામ લેવામાં કેમ શરમ આવે છે? કયુ પાપછે, જેને આરજેડીવાળાઓ બિહારના યુવાનોથી છુપાવવું પડે છે?" કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું, "કોંગ્રેસે બિહારીઓને હેરાન કરનારા અને દુર્વ્યવહાર કરનારાઓને પ્રચાર માટે આમંત્રણ આપ્યું છે.

### પછી રડતા રડતા માફી માંગી

## ભારતીય મહિલા અમેરિકાના સ્ટોરમાં ચોરી કરતી પકડાઈ!

### આવી ઘટનાઓ અમેરિકામાં ભારતની છબી ખરડી રહી છે

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ |

હાલમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેણે લાખો ભારતીયોને ચોંકાવી દીધા છે. અમેરિકામાં એક સુપરમાર્કેટમાંથી દુકાનમાં ચોરી કરવા બદલ એક ભારતીય મહિલાની ધરપકડ કરવામાં આવી હતી, અને તે પોલીસ સામે રડતી જોવા મળી હતી. વીડિયોમાં, મહિલા વારંવાર હાથ જોડીને વિનંતી કરતી જોવા મળે છે, ‘સાહેબ, હું પૈસા ચૂકવવાનું ભૂલી ગઈ. કૃપા કરીને મને માફ કરો.’ વીડિયોમાં સ્ટોર મેનેજમેન્ટ મહિલાને પકડીને તરત જ પોલીસને ફોન કરે છે. પોલીસ આવતાની સાથે જ અધિકારી કહે છે, "પાછા ફરો, અમે તમને હાથકડી પહેરાવીશું." આ સાંભળીને, મહિલા ભાંગી પડે છે અને હાથ જોડીને વિનંતી કરવાનું શરૂ કરે છે. તે વારંવાર કહે છે કે તે ફક્ત "ચુકવણી ચૂકવવાનું ભૂલી ગઈ", પરંતુ પોલીસ તેના ખુલાસા પર વિશ્વાસ કરતી નથી. તે પૂછે છે, "શું હું મારા પતિને ફોન કરી શકું?" અધિકારી કડકાઈથી કહે છે, "ના, પહેલા પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ." સોશિયલ મીડિયા પર લોકો આ દ્રશ્ય જોઈને ચોંકી ગયા છે. કેટલાક તેને "ભાવનાત્મક બ્લેકમેલ" કહી રહ્યા છે, જ્યારે કેટલાક ભારતીયોની છબી પર સવાલ ઉઠાવી રહ્યા છે. આવી ઘટનાઓથી અમેરિકામાં ભારતીયોની છબી ખરડાઈ રહી છે. આવા અનેક કારણોથી ભારતીયોના વિઝા રદ થઈ શકે છે અથવા તો જેલ પણ થઈ શકે છે. ભૂતકાળમાં ઘણી ભારતીય મહિલાઓની ચોરીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.



### કાર્યકર્તા ભાગ્યા, સ્થળ બદલવું પડ્યું : હિંમતનગરમાં અલગ-અલગ ગામડાંઓમાં ખેડૂતો HUDA દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનનો વિરોધ નોંધાવી રહ્યા છે

# હિંમતનગરમાં ભાજપના સ્નેહ મિલન કાર્યક્રમમાં ખેડૂતોનો હલ્લાબોલ

। હિંમતનગર,તા.3 ।

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ૧૧ ગામડાંના ખેડૂતો છેલ્લા ઘણાં સમયથી હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી(HUDA)ની વિકાસ યોજનાને લઈને જાહેર કરાયેલા નોટિફિકિશને અંગે વિરોધ નોંધાવી રહ્યા છે. આ મામલો હવે વધુ ઉગ્ર બન્યો છે. આજે ૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ભાજપના યોજાયેલા બેરણા જિલ્લા પંચાયત સ્નેહ મિલન કાર્યક્રમમાં ખેડૂતોએ વિરોધ નોંધાવતા ભાજપના કાર્યકરો દોડતા થયા હતા અને સ્નેહ મિલનનું સ્થળ બદલવું



પડ્યું હતું.

એક તરફ હિંમતનગરમાં અલગ-અલગ ગામડાંઓમાં ખેડૂતો છેલ્લા ઘણા સમયથી HUDA દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનનો વિરોધ નોંધાવી રહ્યા છે. તો બીજી તરફ, આજે રવિવારે હિંમતનગર તાલુકાના ગાંભોઈની ખાનગી હોટલ ખાતે બેરણા જિલ્લા પંચાયત બેઠકનો ભાજપનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ અંગે ખેડૂતોને જાણ થતાં તેઓ ત્યાં પહોંચ્યા હતા અને HUDAનો પક્ષ લેનારા લોકોને સદબુદ્ધિ માટે ખેડૂતોએ રામધૂન બોલાવીને વિરોધ નોંધાવ્યો હતો.

ખેડૂતોના વિરોધને પગલે સ્નેહ મિલન કાર્યક્રમ કરી રહેલા ભાજપના કાર્યકર્તાઓને ભાગવું પડ્યું હતું અને કાર્યક્રમનું સ્થળ બદલવું પડ્યું હતું. ખેડૂતો-ગ્રામજનોનું કહેવું છે કે, હિંમતનગરમાં HUDAની વિકાસ કામગીરીને લઈને બહાર પાડેલા નોટિફિકેશને ધ્યાને લેતાં આ યોજનાના અમલથી ખેડૂતોની ખેતીલાયક ૪૦ ટકા જમીનનો મોટો હિસ્સો કપાતમાં જઈ રહ્યો છે. જેથી પાયમાલ કરતો વિકાસ, અમને જોઈતો નથી. સમગ્ર મામલે અનેક રજૂઆત કરી છતાં યોગ્ય નિકાલ કે વિચારણ કરવામાં આવી નથી.

## પંચમહાલ ડેરીએ પંચામૃત દાણનો ભાવ અંતે ઘટાડ્યો

### માવઠા વચ્ચે પશુપાલકોને રાહત! : પંચમહાલ, દાહોદ, મહીસાગર જિલ્લાના પશુપાલકોને રાહત



। ગોધરા,તા.3 ।

કમોસમી વરસાદને કારણે ખેડૂતો અને પશુપાલકોને થયેલા ભારે નુકસાનને ધ્યાનમાં રાખીને, પંચમહાલ ડેરીએ પશુપાલકો માટે એક મોટી રાહતની જાહેરાત કરી છે. પશુઓને ખવડાવવામાં આવતા પંચામૃત દાણના ભાવમાં પ્રતિકિલો દીઠ એક રૂપિયાનો ઘટાડો કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના મોરવા (રેણાં) વિસ્તારમાં ખેડૂતો સાથે પાક નુકસાની અંગે એક બેઠક યોજાઈ હતી. જેમાં ખેડૂતો અને પશુપાલકોની રજૂઆત બાદ પંચમહાલ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે આ જાહેરાત કરી હતી.

કમોસમી વરસાદના કારણે માત્ર ખેતીના પાકને જ નહીં, પરંતુ પશુઓના ઘાસચારાને પણ વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈને, પંચમહાલ ડેરી સંચાલિત પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના પશુપાલકો પાસેથી હવે પંચામૃત દાણના ભાવમાં પ્રતિકિલો દીઠ એક રૂપિયો ઓછો લેવામાં આવશે. મળતી માહિતી અનુસાર, આ ભાવ ઘટાડાનો લાભ એકાદ-બે મહિના સુધી ત્રણેય જિલ્લાના હજારો પશુપાલકોને મળશે. દાણના ભાવમાં કરાયેલા આ ઘટાડાની જાહેરાતને પગલે પંચમહાલ, દાહોદ અને મહીસાગર એમ ત્રણેય જિલ્લાના હજારો પશુપાલકોને મળશે રાહત મળશે. આ નિર્ણયથી આર્થિક બોજ હેઠળ દબાયેલા પશુપાલકોને મોટો ટેકો મળશે.

### બે બાળકો નિરાધાર બન્યા

# મકાનની દીવાલ ધરાશાયી થતાં વિધવા મહિલાનું મોત

### રમીલાબેનને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું

। (એજન્સી) ખેડા,તા.3 ।

ખેડા જિલ્લાના ડાકોર નજીક મીઠાપુરા ગામના મોટા ખેતર વિસ્તારમાં શનિવારે એક અત્યંત હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ હતી. એક કાચા મકાનની દીવાલ અચાનક ધરાશાયી થતાં ઘરમાં હાજર વિધવા મહિલાનું કાટમાળ નીચે દબાઈ જવાથી ગંભીર ઈજાઓ થતાં કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટનામાં તેમના બે માસૂમ બાળકોનો આબાદ બચાવ થયો હતો, પરંતુ માતાનું અકાળે અવસાન થતાં બંને બાળકો સંપૂર્ણપણે નિરાધાર બન્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૃતક રમીલાબેન આંગણવાડી કેન્દ્રમાં ફરજ બજાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે બનેલી આ દુર્ઘટનામાં જર્જરિત કાચા મકાનની દીવાલ એકાએક તૂટી પડતાં રમીલાબેન અને તેમના બે બાળકો કાટમાળ નીચે દબાઈ ગયા હતા.

બૂમાબૂમ સાંભળીને સ્થાનિક રહેવાસીઓ અને પડોશીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. તેઓએ ભારે જહેમત બાદ કાટમાળમાંથી બંને બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. પરંતુ રમીલાબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે મૃતક મહિલાના પતિનું અગાઉ અવસાન થયું હતું. હવે માતાનું પણ મોત નીપજતાં અંદાજે ૬ થી ૮ વર્ષની વયના આ બંને બાળકોએ માતા-પિતા બંનેની છત્રછાયા ગુમાવી દીધી છે. આ કરૂણ ઘટનાથી સમગ્ર પંથકમાં ગમગીની અને ભયનો માહોલ છવાયો છે. સ્થાનિકો નિરાધાર બનેલા આ બાળકોને તાત્કાલિક સરકારી સહાય મળે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. ઘટનાની જાણ થતાં ડાકોર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને દુર્ઘટનાના કારણ અંગે પૂરતી તપાસ શરૂ કરી છે.

### તાત્કાલિક સહાયની ખેડૂતોની માગ

# શહેરા તાલુકામાં માવઠાથી ડાંગર સહિતના પાકને વ્યાપક નુકસાન

### ગોકળપુરા, પોયડા સહિતના વિવિધ ગામોમાં ખેડૂતોએ ભારે આશા સાથે ડાંગર સહિતના પાકની ખેતી કરી હતી

। (એજન્સી) શહેરા,તા.3 ।

શિયાળાની શરૂઆત સાથે જ પંચમહાલ જિલ્લા સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસવાનો શરૂ થયો છે. આ માવઠાના કારણે શહેરા તાલુકાના ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યું છે. શહેરા તાલુકાના મોરવા (રેણાં), ગોકળપુરા, પોયડા સહિતના વિવિધ ગામોમાં ખેડૂતોએ ભારે આશાઓ સાથે પોતાની જમીનમાં ડાંગર સહિતના પાકની ખેતી કરી હતી. જોકે, કમોસમી વરસાદને કારણે ખેતરોમાં તૈયાર થયેલા આ પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

ખાસ કરીને ડાંગરના પાકને મોટાપાયે નુકસાન થયું છે. ઊભો ડાંગરનો પાક આળો પડી ગયો છે અને સંપૂર્ણપણે પલળી ગયો છે. એટલું જ નહીં, કાપણી કરીને ખેતરોમાં રાખેલો કેટલોક પાક પણ પલળી જતાં ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો છીનવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કારતક મહિનામાં જાણે અષાઢી માહોલ સર્જાયો હોય તેમ અનેક ખેતરોમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા.

વરસાદના કારણે ખેતરોમાં રહેલો ઘાસચારો પણ પલળી જવાથી પશુપાલકોની ચિંતામાં વધારો થયો છે. ડાંગરના નુકસાનથી ઘાસચારાની પણ અછત સર્જાઈ શકે તેવી ભીતિને લઈ પશુપાલકો પણ મુશ્કેલીમાં મુકાયા છે.

ખેડૂત ભરતભાઈ પટેલ (મોરવા-રેણાં) જણાવે છે કેઃ "વર્ષભરની મહેનત માવઠાના કારણે બરબાદ થઈ ગઈ છે. તૈયાર પાક સડી રહ્યો છે. સરકારે વહેલી તકે અમારી વહારે આવવું જોઈએ." અન્ય ખેડૂત નટુભાઈ સોલંકીના જણાવ્યા મુજબઃ "ઘાસચારો પણ પલળી જતાં પશુઓને ખવડાવવાની પણ ચિંતા છે. અમે સરકાર પાસે નુકસાનીનો સર્વે કરાવીને યોગ્ય સહાયની માગ કરીએ છીએ." કમોસમી વરસાદથી ખેડૂતોના ખેતરમાં રહેલા ડાંગર સહિતના પાકને નુકસાન થવાની ભીતિ વચ્ચે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

## હોબાર્ટ ટી૨૦માં ભારતની ઓસ્ટ્રેલિયા સામે ધમાકેદાર જીત

। (એજન્સી) ઓવલ,તા.3 ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચની ટી20i સીરિઝ પૈકીની ત્રીજી મેચ આજે હોબાર્ટના બેલિરીવ ઓવલમાં રમાઈ રહી છે. જેમાં ભારતીય ટીમે બાજી મારી લીધી છે. આ મેચમાં ટીમ ઈન્ડિયા ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો હતો. જવાબમાં પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમે ૬ વિકેટના નુકસાને ૧૮૬ રન બનાવ્યાં હતા. જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૧૮.૩ ઓવરમાં ટાર્ગેટ ચેજ કરી લીધો હતો. આ જીત સાથે જ ભારતે સીરિઝમાં ૧-૧થી બરાબરી કરી લીધી છે. સીરિઝની ચોથી મેચ ૬ નવેમ્બરે રમાશે. ભારતીય ટીમ માટે રનચેજમાં અભિષેક શર્માએ ધમાકેદાર શરૂઆત કરી હતી. અભિષેકે ૧૬ બોલમાં ૨૫ રન ફટકાર્યા હતા. જેમાં બે ચોગ્ગા અને બે છગ્ગા સામેલ રહ્યાં. ત્યાર બાદ શુભમન ગિલ ૧૫ રન બનાવીને આઉટ થયો. કેપ્ટન સુર્યકુમાર યાદવે પણ ૨૪ રનની નાની પણ અસરકારક ઈનિંગ રમી. સૂર્યાના આઉટ થયા પછી અક્ષર પટેલ અને તિલક વર્માએ મળીને ટીમનો સ્કોર ૧૦૦ને પાર પહોંચાડ્યો હતો. અક્ષર પટેલ ૧૭ રન બનાવીને આઉટ થયા બાદ વોશિંગ્ટન સુંદર અને જિતેશ શર્મા વચ્ચે મેચ વિનિંગ પાર્ટનરશીપ નોંધાઈ. વોશિંગ્ટન સુંદરે ટીમ તરફથી સૌથી વધુ ૪૯ રન બનાવ્યાં, જ્યારે જિતેશે ૨૨ રન બનાવ્યાં હતા.

### હવે વાહન ચાલતાં ચાલતાં ચાર્જ થશે

# ફ્રાન્સે શરૂ કર્યો પહેલો વાયરલેસ ચાર્જિંગ હાઇવે

### આ હાઇવે પેરિસની નજીક બનાવવામાં આવ્યો છે અને એના દ્વારા ઇલેક્ટ્રિક વાહનને એક અલગ દિશા અપાઇ

। (એજન્સી) ફ્રાન્સ, તા.3 ।

ફ્રાન્સ દ્વારા હાલમાં જ એક અદ્ભૂત હાઈવેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ હાઈવે વાયરલેસ દ્વારા ઈલેક્ટ્રિક વ્હીકલને ચાર્જ કરશે.

આ એક નવી ટેક્નોલોજી છે જે ફ્રાન્સ દ્વારા પહેલી વાર રજૂ કરવામાં આવી છે. ફ્રાન્સ દ્વારા હાલમાં ૧.૫ કિલોમીટરનો હાઈવે બનાવવામાં આવ્યો છે જે ઈલેક્ટ્રિક વાહનને વાયરલેસ ચાર્જ કરશે. આ માટે ફક્ત વાહનને એના પર ચલાવવાનું રહેશે. આ હાઈવે પેરિસની નજીક બનાવવામાં આવ્યો છે અને એના દ્વારા ઈલેક્ટ્રિક વાહનને એક અલગ દિશા આપવામાં આવી છે.

ડામરના રોડની નીચે કોપર ઈન્ડક્શન કોઈલ રાખવામાં આવી છે. આ કોઈલ મેગ્નેટિક ફિલ્ડ જનરેટ કરે છે અને એના દ્વારા ઈલેક્ટ્રિક વાહનમાં એનર્જી ટ્રાન્સફર કરવામાં આવે છે. આ માટે ઈલેક્ટ્રિક વાહનમાં વાયરલેસ એનર્જી રિસીવર હોવું જરૂરી છે. આ સિસ્ટમ દ્વારા ૨૦૦ kWનો સતત પાવર આપવામાં આવે છે અને એ ૩૦૦ kW સુધી પણ જઈ શકે છે. ટેસ્લાના V3 સુપરચાર્જરની ક્ષમતા બરાબર આ રોડ વાયરલેસ એનર્જી આપે છે.

આ એનર્જી પેસેન્જર કારથી લઈને હેવી ટ્રક્સ અને બસ દરેકને આપવામાં આવે છે. આ માટે તેમને રોડ પર ઊભા રહેવાની પણ જરૂર નથી. આ ટેક્નોલોજીની મદદથી વાહનચાલકને તેની કાર અથવા તો અન્ય વાહનમાં વધુ બેટરી કેપેસિટી હોય એનો આગ્રહ ઓછો રહેશે. તેમ જ તેને વારંવાર ચાર્જ કરવા માટે ઊભા નહીં રહેવું પડે અને સમયનો બગાડ પણ નહીં થાય.

આ પ્રોજેક્ટ પાછળ ઘણાં બધા પાર્ટનર દ્વારા સાથે મળીને કામ કરવામાં આવ્યું હતું. એમાં ઈલેક્ટ્રિઓન કંપનીનો સમાવેશ થાય છે. આ એક ઈઝરાયલની ટેક ફર્મ છે જે વાયરલેસ ઈલેક્ટ્રિક વાહનના ચાર્જર માટે સ્પેશિયલ કામ કરે છે. ફ્રાન્સના સૌથી મોટા હાઈવે ઓપરેટર કંપની VINCI ઓટોરૂટ્સ, ગસ્ટાવે આઈફેલ યુનિવર્સિટી જે આ સિસ્ટમના પર્ફોર્મન્સ પર ધ્યાન આપે છે. ફ્રાન્સનું ટ્રાન્સપોર્ટ સેક્ટર દેશના ૧૬ ટકા ગ્રીનહાઉસ ગેસ ઈમિશન માટે જવાબદાર છે.

## પાલનપુરમાં ST સ્ટેશન પર બસમાં યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

। (એજન્સી) અમદાવાદ,તા.3 ।

હિંમતનગરથી બસમાં બેઠેલા એક યુવકે પાલનપુર બસ સ્ટેન્ડ ખાતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આજે ૨ નવેમ્બરના રોજ બસમાં સવાર યુવકે પોતાનું ટી-શર્ટ કાઢીને ગળેફાંસો ખાવાનો પ્રયાસ કર્યો હતો. જેને લઈને એસટીના કર્મચારીએ જાણ કરતાં તાત્કાલિક પોલીસની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને યુવકને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. સમગ્ર ઘટનાને પગલે બસ સ્ટેશન ખાતે લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. મળતી માહિતી મુજબ, દાહોદ-પાલનપુર બસમાં હિંમતનગરથી બેઠેલા એક યુવકે પાલનપુર જૂના બસ સ્ટેન્ડ ખાતે આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.

## વિશેષ

### હવામાન વિભાગનો અંદાજ છે કે ૫ નવેમ્બર પછી રાજ્યમાં વરસાદની શક્યતા લગભગ નહિવત્ રહેશે

# દેવભૂમિ દ્વારકા અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ : આગામી ત્રણ દિવસ સુધી ગુજરાતમાં છૂટાછવાયા વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ,તા.3 ।

આગામી ત્રણ દિવસ સુધી ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી છે, જોકે અરબી સમુદ્રમાં ડિપ્રેશન નબળું પડી ગયું છે. દેવભૂમિ દ્વારકા અને પોરબંદર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે કચ્છ, રાજકોટ, જૂનાગઢ અને જામનગર માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૫ નવેમ્બર પછી વરસાદ ઓછો થવાની આગાહી છે. સવારે અમદાવાદ અને બોટાદમાં પણ ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું.

ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્યથી ઉપર અને સામાન્ય રહેશે, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં સામાન્યથી સામાન્યથી ઉપર રહેવાની આગાહી છે, અને બાકીના પ્રદેશમાં સામાન્ય રહેવાની આગાહી છે. પ્રદેશના ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.



ઓરેન્જ એલર્ટઃ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, મધ્યમ વરસાદની આગાહી સાથે ભારે વરસાદની શક્યતા છે.

યલો એલર્ટઃ કચ્છ, રાજકોટ, જૂનાગઢ અને જામનગરની આસપાસના વિસ્તારો માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અહીં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. આ બધા જિલ્લાઓમાં ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગ કહે છે કે જૂનાગઢમાં હળવો વરસાદ પડી શકે છે. ગિરનાર ટેકરીઓ અને ભવનાથ ક્ષેત્રમાં વરસાદી મોસમ એક્ટિવ છે. હવામાન વિભાગ કહે છે કે સૌરાષ્ટ્રના પોરબંદર જિલ્લામાં કેટલાક સ્થળોએ, ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ અને કચ્છમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડ્યો હતો. શનિવારે રાત્રે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો, બાકીના પ્રદેશમાં કોઈ મોટો ફેરફાર થયો નથી.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાત ક્ષેત્રમાં વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે, અને સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. પ્રદેશના બાકીના જિલ્લાઓમાં શુષ્ક હવામાનની આગાહી કરવામાં આવી છે.

આજે સવારે અમદાવાદના ઘણા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું, જેના કારણે હિલ સ્ટેશન જેવી સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના જીટ હાઈવે પર વાહનચાલકોને હેડલાઈટ ચાલુ કરવાની ફરજ પડી હતી. તે જ સમયે, બોટાદમાં રાત્રિથી ગાઢ ધુમ્મસ હતું, જેના કારણે લોકોને ૧૦ ફૂટ દૂરથી પણ જોવાનું મુશ્કેલ બન્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### બાળકો સહિત ૨૩ના મોત નિપજ્યા

# મેક્સિકોના સુપરમાર્કેટમાં ભયંકર વિસ્ફોટ બાદ આગ લાગી

## લોકપ્રિય ડિસ્કાઉન્ટ ચેઈન વાલ્ડોઝના આ સ્ટોરમાં થયેલી આ દુર્ઘટનામાં ૧૧ લોકો ગંભીર ઈજાગ્રસ્ત પણ થયા છે




। (એજન્સી) મેક્સિકો, તા.૩ ।

મેક્સિકોમાં ડે ઑફ ધ ડેડ તહેવારની ઉજવણી વચ્ચે ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા હર્મોસિલો શહેરમાં ભયાનક વિસ્ફોટ થયા બાદ આગ લાગી છે. શનિવારે બનેલી આ ઘટનામાં બાળકો સહિત ૨૩ લોકોનાં મોત થયા છે. લોકપ્રિય ડિસ્કાઉન્ટ ચેઈન વાલ્ડોઝના આ સ્ટોરમાં થયેલી આ દુર્ઘટનામાં ૧૧ લોકો ગંભીર ઈજાગ્રસ્ત પણ થયા છે.

આ દુર્ઘટના એવા સમયે થઈ છે જ્યારે મેક્સિકોમાં ડે ઑફ ધ ડેડ તહેવારની ઉજવણી ચાલી રહી છે. સોનોરા રાજ્યના ગવર્નર અલ્ફોન્સો દુરાઝોએ પુષ્ટિ કરી છે કે, મૃતકોમાં ઘણા સગીર પણ સામેલ છે. તેમણે આ ઘટનાના કારણો તપાસનો આદેશ આપ્યો છે. ગવર્નરે કહ્યું કે, 'કોઈ પણ આ દર્દ એકલું સહન નહીં કરે. કટોકટી, સુરક્ષા અને આરોગ્ય સેવાઓએ અનેક લોકોના જીવ બચાવ્યા.' સોનોરાની રેડ ક્રોસે રાહત અને બચાવ કાર્યમાં તેના ૪૦ કર્મચારીઓ અને ૧૦ એમ્બ્યુલન્સ મોકલ્યા હતા.

હાલ વિસ્ફોટના કારણોની તપાસ ચાલી રહી છે. મીડિયા રિપોર્ટમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું કારણ સામે આવ્યું છે. અધિકારીઓએ કહ્યું કે, સ્ટોરની અંદર લગાવવામાં આવેલું ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર દુર્ઘટનાનું સંભવિત કારણ હોઈ શકે છે. શહેરના ફાયર વિભાગના પ્રમુખે કહ્યું કે શું ખરેખર વિસ્ફોટ થયો હતો કે માત્ર આગ લાગી હતી, તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. મેક્સિકોના રાષ્ટ્રપ્રમુખ ક્લાઉડિયા શિનબૌમે એક્સ પર પોસ્ટ કરીને મૃતકોના પરિજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે સોનોરાના ગવર્નરનો સંપર્ક કર્યો હતો. તેમણે તાત્કાલીક તપાસના આદેસ આપવાની સાથે ઈજાગ્રસ્તોના પરિવારોને મદદ પૂરી પાડવાનો નિર્દેશ ગૃહ સચિવને આપ્યો હતો.

### ૧૪ કલાકનું કામ ૮ કલાકમાં પણ થાય : સોનાક્ષી

# બોલિવૂડમાં શિફ્ટ મુદ્દે ચાલતા વિવાદ પર સોનાક્ષીનું દિપીકા પાદુકોણને સમર્થન

## સોનાક્ષી સિંહા આગામી ફિલ્મ જટાધારામાં જોવા મળશે





। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

દીપિકા પાદુકોણ ભલે આ વર્ષે કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. પરંતુ લાઈમલાઈટમાં રહી છે, તેની પાછળનું કારણ તેણે આપેલું એક નિવેદન છે. દીપિકાએ હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં પોતાને એક ફિલ્મમાંથી દૂર કરવા પાછળનું કારણ જણાવ્યું હતું. આ કારણથી સિનેમા જગતમાં વિરોધની લાગણી છવાઈ હતી.

દીપિકાએ જણાવ્યું હતું કે, મને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ સ્પિરિટમાંથી દૂર કરવામાં આવી હતી, તેની પાછળનું એક કારણ એ હતું કે અભિનેત્રીએ ૮ કલાકની શિફ્ટની માંગ કરી હતી. આ નિવેદનથી દીપિકા પ્રત્યે સહાનૂભૂતિ તેમજ અન્ય સેલિબ્રિટી દ્વારા પોતાની સાથે પણ આ પ્રકારની ઘટના બની હોવાના રિએક્શન આવી રહ્યા છે. જેમાં પ્રચલિત અભિનેત્રી સોનાક્ષી સિંહાએ પણ દીપિકાની વાત પર સહમતિ વ્યક્ત કરતાં પ્રતિક્રિયા આપી હતી. બીજી તરફ અમુક લોકોએ આ મામલે દીપિકાના કામના કલાકોમાં રાહત મુદ્દે અસંમતિ પણ વ્યક્ત કરી હતી.

૧૫ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહેલી અભિનેત્રી સોનાક્ષી સિંહાએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં દીપિકાની ૮ કલાકની શિફ્ટની માંગ સાથે સંમતિ દર્શાવી હતી. તેમજ પોતાની સાથે પણ આ પ્રકારનો ખરાબ અનુભવ થયો હોવાની વાત રજૂ કરી હતી. તેણે કહ્યું કે, મેં આઠ કલાક અથવા તો ૧૮ કલાક કામ કર્યું છે. તે પ્રોજેક્ટ અને તેમાં સામેલ લોકો પર આધાર રાખે છે, પરંતુ મને લાગે છે કે જો ચીજોને વધુ વ્યવસ્થિત રીતે મેનેજ કરવામાં આવે તો સેટ પર જે કામ ૧૪ કલાકમાં થાય છે, તે આઠ કલાકમાં થઈ શકે છે. તદુપરાંત, ક્રૂ અમારા કરતા ઘણો લાંબો સમય કામ કરે છે. તેઓ વહેલા આવે છે, મોડા જાય છે, અને તેમનો પણ એક પરિવાર છે. એક સુચારૂ માળખું હોવું જરૂરી છે જેથી દરેક વ્યક્તિ કામની બહાર પોતાનું જીવન જીવી શકે. સોનાક્ષી સિંહા ટૂંક સમયમાં સુધીર બાબુની આગામી ફિલ્મ 'જટાધારા'માં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેત્રી મુખ્ય ભૂમિકા ભજવે છે, અને ટ્રેલરમાં તેના અભિનયને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં દિવ્યા ખોસલા અને શિલ્પા શિરોડકર પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ફિલ્મ ૭ નવેમ્બરના રોજ થિયેટરમાં રિલીઝ થશે. અભિનેત્રી છેલ્લે 'નિકિતા રોય' ફિલ્મમાં જોવા મળી હતી, જે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી.

**ન્યૂઝ બ્રિફ**

### એટીએફના ભાવમાં વધારો કોમર્શિયલ સિલિન્ડર સસ્તા થયા

। (એજન્સી) શીમલા, તા.૩ ।

દર મહિનાની પહેલી તારીખે ઈંધણના ભાવમાં વધઘટ થાય છે તેમા એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં એક ટકાનો વધારો થયો છે અને કોમર્શિયલ એલપીજીના ભાવમાં પ્રતિ સિલિન્ડર પાંચ રૂપિયાનો ઘટાડો થયો છે. ઈંધણના ભાવને વૈશ્વિક માપદંડ મુજબના કરવા માટે દર મહિનાની પહેલી તારીખે તેમા વધઘટ થાય છે. રાષ્ટ્રીય રાજધાનીમાં જેટ ફ્યુઅલનો ભાવ પ્રતિ કિલોલિટર ૭૭૭ રૂપિયા કે ૦.૮ ટકા વધીને રૂ. ૯૪,૫૪૩.૦૨ કિ.મીય થયો છે. રાષ્ટ્રીય રાજધાની દેશનું સૌથી વ્યસ્ત એરપોર્ટ ધરાવે છે. આમ સળંગ બીજા મહિને એટીએભના ભાવમાં વધારો થયો છે. પહેલી ઓક્ટોબરના રોજ એટીએફનો ભાવ પ્રતિ કિલોલિટર ૩.૩ ટકા કે રૂ. ૩,૦૫૨.૫ વધ્યો હતો. અગાઉ તેનો ભાવ પ્રતિ કિલોલિટર ૧.૪ ટકા કે રૂ. ૧,૩૦૦૮.૪૧ ઘટયો હતો. હોટેલ્સમાં ઉપયોગમાં લેવાતા કોમર્સિયલ સિલિન્ડરનો ભાવ ગયા મહિને પ્રતિ બાટલાએ રૂ. ૧૫.૫૦ ઘટયો હતો. તેના પહેલા પણ તેના ભાવમાં છ વખત ઘટાડો નોંધાયો હતો. આ છ ઘટાડાના પગલે એપ્રિલથી તેના ભાવમાં પ્રતિ બોટલ રૂ. ૨૨૩નો ઘટાડો નોંધાયો છે.

### સોનું અને ચાંદી થશે સસ્તું! ભારત સરકારે લીધો નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કેન્દ્ર સરકારે સોના અને ચાંદીના મૂળ આયાત ભાવમાં ઘટાડો કર્યો છે. સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૪૨ ડોલર અને ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૧૦૭ ડોલરનો ઘટાડો કરવામાં આવ્યો છે. વૈશ્વિક બજારમાં વધઘટને ધ્યાનમાં રાખીને ભાવ સ્થિર કરવા અને સ્થાનિક વેપારને વેગ આપવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. મોદી સરકારે સોના અને ચાંદીના આયાત ભાવમાં ઘટાડો કર્યો છે. સરકારે સોનાના મૂળ આયાત ભાવમાં ૪૨ ડોલર(10 GM) અને ચાંદીના મૂળ આયાત ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૧૦૭ ડોલરનો ઘટાડો કર્યો છે. વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં સતત વધઘટ વચ્ચે ભાવ નિયંત્રણમાં રાખવા અને સ્થાનિક વેપારને વેગ આપવા માટે આ કામ કરાયું છે. બેઝ ઈમ્પોર્ટ પ્રાઈસ એ આયાતી માલ પર કસ્ટમ ડ્યુટીની ગણતરી કરવા માટે વપરાતી કિંમત છે. સરકાર દર ૧૫ દિવસે આ કિંમત અપડેટ કરે છે. જ્યારે બેઝ પ્રાઈસ ઘટાડવામાં આવે છે, ત્યારે આયાતકારો પર કરનો બોજ ઓછો થાય છે, જે સ્થાનિક બજારમાં સ્થિર ભાવ જાળવવામાં મદદ કરે છે.

### ઈન્ડસ્ટ્રીના વિવાદાસ્પદ મુદ્દા પર બોલ્યા પરેશ રાવલ

# ઓસ્કર અને નેશનલ એવોર્ડમાં થાય છે લોબિંગ

## પરેશ રાવલે માત્ર ભારતીય એવોર્ડ જ નહીં પરંતુ વિશ્વના સૌથી સવર્શ્રેષ્ઠ ઓસ્કાર એવોર્ડને લઈને વિચારો શેર કર્યા



। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

બોલિવૂડના દિગ્ગજ એક્ટર પરેશ રાવલ પોતાની એક્ટિંગ સિવાય સ્પષ્ટ વક્તા તરીકે પણ જાણીતા છે. હાલમાં જ એક્ટરે ઈન્ડસ્ટ્રીના સૌથી વિવાદસ્પદ મુદ્દે એવોર્ડ લોબિંગ પર વાત કરી હતી. પરેશ રાવલે માત્ર ભારતીય એવોર્ડ જ નહીં પરંતુ વિશ્વના સૌથી સવર્શ્રેષ્ઠ ઓસ્કાર એવોર્ડને લઈને પોતાના વિચારો શેર કર્યા છે.

કન્ટેન્ટ ક્રિએટર અને યુટ્યૂબર રાજ શર્માને એક ઈન્ટરવ્યૂમાં પરેશ રાવલે એવોર્ડ પર પોતાના વિચારો શેર કર્યા હતા. પરેશ રાવલે કહ્યું કે, મને એવોર્ડ વિશે વધુ માહિતી નથી. પરંતુ એક વાત હું કહીશ કે, રાષ્ટ્રીય પુરસ્કારમાં થોડું ઘણુ લોબિંગ થાય છે. પણ બીજા પુરસ્કારોમાં જેટલું થાય છે, તેટલું નહી. બીજા પુરસ્કારો વિશે વાત કરવાથી કોઈ ફરક પડતો નથી. પણ રાષ્ટ્રીય પુરસ્કાર એક રાષ્ટ્રીય પુરસ્કાર છે, તેની પ્રતિષ્ઠા છે. એક્ટરે આગળ કહ્યું કે, લોબિંગ ખૂબ જ વધી રહ્યું છે. ઓસ્કાર માટે પણ લોબિંગ થઈ રહ્યું છે. તેમણે આગળ સમજાવ્યું કે, આ કેવી રીતે થાય છે, હા, ભાઈ, આ રાજની ફિલ્મ છે. ચાલો એકેડેમીના બધા સભ્યોને એકત્ર કરીએ. આ પુરસ્કાર અંગે પરેશ રાવલે કહ્યું, તેમના માટે, સાચી ઓળખ એક અલગ સોર્સમાંથી આવે છે. આ એવોર્ડ કોઈ એક સમુદાય તરફથી મળેલી સ્વીકૃતિ છે. પરંતુ મારા માટે સમુદાય કોણ છે? દિગ્દર્શકો. જ્યારે દિગ્દર્શક કટ કહે છે, જ્યારે લેખક કહે છે કે, તેઓ મારા કામથી ખુશ છે, ત્યારે મને મારો એવોર્ડ મળે છે. ત્યાં મારી ઈચ્છા, મારી ડ્રાઈવ બધું જ અટકી જાય છે. હું હવે તેને આગળ જોવા નથી માંગતો.

પરેશ રાવલે કહ્યું, મારા કામને મારા દિગ્દર્શકો અને લેખકો કરતાં વધુ સારી રીતે કોઈ સમજી શકતું નથી. જ્યારે તેઓ મારી પ્રશંસા કરે છે, ત્યારે વાત પુરી થઈ જાય છે અને જો કેટલાક લોકો જેમનો હું ખરેખર આદર કરું છું તેઓ પણ મારા કામને સ્વીકારે છે, તો તે અંતિમ વાત છે.

### ઓક્ટોબરમાં યુપીઆઈ મારફત રૂ.૨૭.૨૮ લાખ કરોડના પેમેન્ટ


। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

એસટીમાં કરાયેલા સુધારા અને તહેવારોની ખરીદીની યુપીઆઈ મારફત થતી લેવડ-દેવડ પર સકારાત્મક અસર થઈ છે અને ભારતના ડિજિટલ પેમેન્ટે ઓક્ટોબર ૨૦૨૫માં ઐતિહાસિક સિમાચિહ્ન પાર કર્યુ છે. એનપીસીઆઈએ શનિવારે જાહેર કરેલા આંકડા મુજબ ઓક્ટોબર ૨૦૨૫માં યુપીઆઈ મારફત થતા ટ્રાન્ઝેક્શને દૈનિક તેમજ માસિક ટ્રાન્ઝેક્શન્સનો વિક્રમ સર્જ્યો હતો. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)એ શનિવારે જાહેર કરેલા આંકડા મુજબ ઓક્ટોબર ૨૦૨૫માં યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વાર્ષિક ૨૫ ટકા વધીને ૨૦.૭૦ અબજ થયા છે, જે એક જ મહિનામાં અત્યાર સુધીમાં થયેલા સૌથી વધુ ટ્રાન્ઝેક્શન છે. આ સાથે ૧૮ ઓક્ટોબરે યુપીઆઈથી એક જ દિવસમાં ૭૫.૪૩ કરોડ ટ્રાન્ઝેક્શનનો પણ વિક્રમ સર્જાયો છે, જે યુપીઆઈની શરૂઆતથી અત્યાર સુધીમાં એક જ દિવસમાં સૌથી વધુ વોલ્યુમ છે. ઓક્ટોબરમાં સરેરાશ દૈનિક ટ્રાન્ઝેક્શન ૬૬.૮ કરોડ રહ્યું હતું, જે સપ્ટેમ્બરમાં ૬૫.૪ કરોડથી વધુ હતું. ભારતમાં યુપીઆઈથી થતા ટ્રાન્ઝેક્શનમાં સતત થઈ રહેલો વધારો ડિજિટલ પેમેન્ટ સિસ્ટમની સતત વધી રહેલી સ્વીકૃતિ દર્શાવે છે. એનપીસીઆઈના ડેટા મુજબ ઓક્ટોબર ૨૦૨૫માં વોલ્યુમની સાથે મૂલ્યની દષ્ટિએ પણ જંગી વધારો થયો છે. ઓક્ટોબર ૨૦૨૫માં યુપીઆઈ મારફત રૂ. ૨૭.૨૮ લાખ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા, જે વાર્ષિક ૧૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

### પાકિસ્તાનને બેવડો માર

# હાફીઝ સઈદનો સાથી મુયાઝ સૈયદ-મુનીરના માણસોનાં વાહનને BLA એ ઉડાડી દીધું

## મુયાઝના પિતાએ ૨૦ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩ ।

એક તરફ પાકિસ્તાન ઉપર ત્રાસવાદને પોષણ આપવા માટે દુનિયાભરમાંથી ફીટકાર વરસી રહ્યાં છે. ત્યારે ખુદ પાકિસ્તાન જ ત્રાસવાદી ગોળીબારનો ભોગ બની રહ્યું છે.

ત્રાસવાદી સંગઠન લશ્કર એ તૈય્યબાના સ્થાપક અને સહ-સંચાલક હાફીઝ સઈદનો ખાસ માણસ મનાતો ૨૮ વર્ષનો શેખ મુયાઝ મુજાહીદ, પંજાબમાં લાહોરથી ૬૦ કી.મી. દૂર આવેલાં કોટ રાધા-કીશનમાં બે ટોળકીઓના સામ-સામા ગોળીબારમાં ઠાર મરાઈ ગયો છે. આથી મુયાઝના પિતાએ ૨૦ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. જોકે પોલીસે મુયાઝના હાફીઝ સઈદ સાથે કોઈ પણ સંબંધ હોવાનો ઈનકાર કર્યો છે.

પાકિસ્તાનના સતત અશાંત રહેતા બલુચિસ્તાન પ્રાંતમાં કવાન જિલ્લા પાસે મુનીરના માણસો (સૈનિકો) એક ક્વોન્વે (કેરેવાન) દ્વારા પસાર થતા હતા. ત્યારે તે વાહનો પૈકીનાં એક વાહન ઉપર બલુચી લિબરેશન પાર્ટીના વિપ્લવીઓએ બોમ્બ ફેંકી તે ઉડાડી દીધું હતું તેમ છતાં તેમાંથી કેટલાંક બહાર નીકળી શક્યા તેમને પણ ઠાર કર્યા હતા. આ વિપ્લવીઓએ પહેલાં રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડસ્ તે વાહન ઉપર ફેંક્યા હતા. ત્યાર પછી સ્નાઈપર એટેક કર્યો હતો. અન્ય વાહનોમાં સૈનિકો ઉતરી આવ્યા અને તેમની તથા વિપ્લવીઓ વચ્ચે ૫૦ મિનિટ સુધી સામ-સામા ગોળીબારો ચાલુ રહ્યા હતા. આ બલુચ વિપ્લવીઓએ બે બસ પણ સળગાવી દીધી હતી. જન.મુનીરે આ વિપ્લવીઓને દબાવવા રચેલા સ્પેશ્યલ સર્વિસ ગ્રુપના આ માણસો (સૈનિકો) હતા. તે કમાન્ડો પૈકી ૯નાં તો સ્થળ ઉપર જ મૃત્યુ થયાં હતાં. બીજા અનેક ગંભીર રીતે ઘાયલ થયા હતા.

### ટોપ ૧૦માં દિલ્હી-મુંબઈ નહીં

# દુનિયાના ૧૦ પ્રદૂષિત શહેરોમાં માત્ર ભારતીય શહેરોના નામ

## ગુરુગ્રામ, દિલ્હી, ગાઝિયાબાદ અને ફરીદાબાદમાં હવાની ગુણવત્તા ઘટી હોવા છતાં અન્ય શહેરોની તુલનાએ ઓછી પ્રદૂષિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હી અને નોઈડા સૌથી વધુ પ્રદૂષિત હવા ધરાવતા શહેરો છે. પરંતુ આજે આ બંને શહેરોની હવાની ગુણવત્તામાં સુધારો નોંધાતા તે દેશના ટોચના ૧૦ પ્રદૂષિત શહેરોની યાદીમાંથી બહાર થયા છે. આજે નોઈડાનો AQI ૧૯૭, જ્યારે ગ્રેટર નોઈડાનો ૧૬૨ નોંધાયો છે. જેથી તેને મોડરેટ કેટેગરીમાં મુકવામાં આવ્યા છે.

ગુરુગ્રામ, દિલ્હી, ગાઝિયાબાદ અને ફરીદાબાદમાં હવાની ગુણવત્તા ઘટી હોવા છતાં અન્ય શહેરોની તુલનાએ ઓછી પ્રદૂષિત છે. ગુરુગ્રામની હવાની ગુણવત્તા દેશમાં ૨૦મા ક્રમે છે. દિલ્હી ૨૧મા, ગાઝિયાબાદ ૨૪મા, ફરીદાબાદ ૨૫મા અને નોઈડા ૨૭મા ક્રમે છે.

દેશના સૌથી પ્રદૂષિત શહેરોની વાત કરીએ તો, તેમાંથી મોટાભાગના શહેરો હરિયાણામાં છે. બે ઉત્તર પ્રદેશમાં છે અને એક રાજસ્થાનમાં છે. હરિયાણાનું ફતેહાબાદ આજે સૌથી પ્રદૂષિત શહેર છે. બલ્લભગઢ બીજા ક્રમે છે, ત્યારબાદ સોનીપત ત્રીજા ક્રમે છે, મુઝફ્ફરનગર ચોથા ક્રમે છે, પંચકુલા પાંચમા ક્રમે છે, રાજસ્થાનનું હનુમાનગઢ છઠ્ઠા ક્રમે છે, રોહતક સાતમા ક્રમે છે અને પાણીપત આઠમા ક્રમે છે. કરનાલ નવમા ક્રમે છે અને બાગપત દસમા ક્રમે છે.

દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તામાં થોડો સુધારો થવાનું કારણ વરસાદ અને પવનની ગતિમાં વધારો દર્શાવે છે. સ્કાયમેટ વેધરના વાઈસ પ્રેસિડેન્ટ (હવામાન અને આબોહવા પરિવર્તન) મહેશ પલાવતે જણાવ્યું કે, હવાની ગુણવત્તાનો ઈન્ડેક્સ સુધર્યો છે. જેની પાછળનું કારણ હવામાન પરિસ્થિતિઓ અને પવન મહત્વપૂર્ણ પરિબળો હતા. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં જેમ કે ફરીદાબાદ અને નોઈડામાં હળવા વરસાદે પ્રદૂષકો ઘટાડવામાં અને હવાને સાફ કરવામાં મદદ કરી છે. પવનનો પણ આમાં ફાળો હતો. ગઈકાલે શહેરમાં પવનની ગતિ શાંત હતી, પરંતુ આજે તે વધીને લગભગ ૭-૮ કિમી/કલાક થતાં હવાની ગુણવત્તામાં સુધારો નોંધાયો છે. આ નવેમ્બરમાં દેશના મોટાભાગના મેદાની વિસ્તારોમાં દિવસનું તાપમાન સરેરાશથી ઓછું રહેવાની આગાહી છે, જ્યારે રાત્રિનું લઘુત્તમ તાપમાન સામાન્યથી ઉપર રહેવાની ધારણા છે. ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ ડૉ. એમ. મહાપાત્રાએ શુક્રવારે નવેમ્બર ૨૦૨૫ માટે વરસાદ અને તાપમાન માટે માસિક આઉટલુક અહેવાલમાં આ આગાહી કરી હતી. નવેમ્બરમાં દેશના મોટાભાગના ભાગોમાં વરસાદ સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ રહેવાની ધારણા છે. જ્યારે સરેરાશ કરતાં વધુ વરસાદ પડવાની અને આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. પરિણામે, નવેમ્બરમાં મેદાની વિસ્તારોમાં મહત્તમ દિવસનું તાપમાન સરેરાશ કરતાં ઓછું રહેવાની ધારણા છે, અને રાત્રિનું તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે.

### ઓઈલ ટર્મિનલ પર ભીષણ આગથી ભારે નુકસાન

# રશિયાએ તુઆપ્સે પોર્ટ પર યુક્રેનના ડ્રોન હુમલા કર્યા

## આ હુમલો એટલો ભીષણ હતો કે, રશિયન ઓઈલ ટર્મિનલ અને રિફાઈનરીઓમાં આગ ભભૂકી ઉઠતા ભારે નુકસાન થયું હતું

। (એજન્સી) મોસ્કો, તા.૩ ।

યુક્રેને રવિવારે રાત્રે રશિયા પર મોટો ડ્રોન હુમલો કર્યો છે. આ હુમલામાં બ્લેક સી પર સ્થિત રશિયન તુઆપ્સે પોર્ટને મોટું નુકસાન થયું છે.

આ હુમલો એટલો ભીષણ હતો કે, રશિયન ઓઈલ ટર્મિનલ અને રિફાઈનરીઓમાં આગ ભભૂકી ઉઠતા ભારે નુકસાન થયું હતું. રશિયન એર ડિફેન્સ યુનિટે દાવો કર્યો હતો કે, આ હુમલામાં અમે યુક્રેનના ૧૬૪ ડ્રોન તોડી પાડ્યા હતા. યુક્રેને કરેલા ડ્રોન હુમલામાં રશિયન સેનાને ઓઈલનો પુરવઠો પહોંચાડતી મોસ્કો નજીકની એક મહત્ત્વની પાઈપલાઈનને પણ ભારે નુકસાન પહોંચ્યું છે.

રશિયાના એક રીજનલ અધિકારીએ જણાવ્યું હતું કે, યુક્રેનના સતત ડ્રોન હુમલાના કારણે બ્લેક સી પર સ્થિત તુઆપ્સે ભીષણ આગની ઝપેટમાં આવ્યું હતું, જેનાથી પોર્ટને ભારે નુકસાન થયું છે. તુઆપ્સેની બહાર સ્થિત સોસ્નોવી ગામમાં ડ્રોનનો કાટમાળ પડતાં એક એપાર્ટમેન્ટને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. જો કે, જાનહાનિના કોઈ સમાચાર મળ્યા નથી.

ક્રાસ્નોડારના સત્તાધીશોએ જણાવ્યું કે, ડ્રોનને હવામાં જ નષ્ટ કરાયા હતા, પરંતુ તેનો કાટમાળ જમીન પર પડતાં પોર્ટ પરની માળખાગત સુવિધાઓને પણ નુકસાન થયું છે. તુઆપ્સે



ઓઈલ ટર્મિનલ અને રોસનેફ્ટ નિયંત્રિત તુઆપ્સે ઓઈલ રિફાઈનરીને યુક્રેન દ્વારા અવારનવાર ટાર્ગેટ કરાઈ રહી છે કારણ કે, અહીંથી રશિયન સેનાને મહત્ત્વની લોજિસ્ટિક મદદ મળે છે.

યુક્રેને ઈલેક્ટ્રિસિટી ગ્રીડ પર હુમલાનો બદલો લેવા રશિયાની ક્રૂડ રિફાઈનરી, ડેપો અને પાઈપલાઈન પર હુમલા વધાર્યા છે. આ હુમલાનો હેતુ રશિયાને ઓઈલ પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનને નુકસાન કરવાનો, રશિયન સેનાનું લોજિસ્ટિક્સ નેટવર્ક ખોરવી નાંખવાનો તેમજ રશિયાનો યુદ્ધ ખર્ચ વધારવાનો છે.

યુક્રેનના આ હુમલાનો રશિયા બદલો લેવાની આક્રમક તૈયારી કરી રહ્યું છે. ક્રાસ્નોડાર વહીવટી તંત્રે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર જણાવ્યું હતું કે, તુઆપ્સેમાં ડ્રોન હુમલાનો જવાબ આપવામાં આવી રહ્યો છે. આ હુમલો સૈન્યની કામગીરીને રોકવાનો એક ભાગ હતો.

# તંત્રી લેખ...

## દિલ્હીમાં જુના વાહનો પર પ્રતિબંધ શરૂ, પ્રથમ દિવસે બાઇકો જપ્ત

રાજધાની દિલ્હીમાં ૧૫ વર્ષ જુના પેટ્રોલ અને ૧૦ વર્ષ જુના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધનો અમલ થતા જ પોલીસ હવે આવા તમામ જુના વાહનોને જપ્ત કરવા લાગી છે. મંગળવારે દિલ્હી પોલીસે આવી બે બાઈક જપ્ત કરી લીધી હતી જે હવે સ્ક્રેપમાં મોકલવામાં આવશે. અચાનક જ લોકોના વાહનો જપ્ત થવા લાગ્યા હોવાથી લોકોમાં એક પ્રકારની અકળામણ પણ જોવા મળી રહી છે. ટ્રાફિક ઈન્સ્પેક્ટર અશોક કુમારે કહ્યું હતું કે નિયમો મુજબના જુના વાહનોના ચેકિંગ દરમિયાન બે બાઈક જપ્ત કરવામાં આવી છે. જેને હવે સ્ક્રેપરને સોંપવામાં આવશે. જે બાદ વાહનના માલિકને સ્ક્રેપની જે વેલ્યૂ આવશે તે રકમ સોંપવામાં આવશે. એટલે કે જપ્ત કરાયેલી આ બાઈકોને ભંગારના ભાવે વેચવામાં આવશે અને તે રકમ તેના માલિકને આપવામાં આવશે. દિલ્હીમાં મંગળવારથી એન્ડ ઓફ લાઈફ વેહિકલ (ઈઓએલ) નીતિનો અમલ કરી દેવામાં આવ્યો છે. ૧૫ વર્ષ જુના પેટ્રોલ વાહનો અને ૧૦ વર્ષ જુના ડીઝલ વાહનોને ના તો રોડ પર ચલાવવાની મંજૂરી અપાશે ના તો તેમને ઈંધણ આપવાની મંજૂરી મળશે. નિયમો મુજબ જો આવા જુના વાહનો સાથે પકડાયા તો ફોર વ્હીલર્સના માલિકને ૧૦ હજાર રૂપિયા જ્યારે ટુ વ્હીલર્સના માલિકને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. પોલીસ અને પરિવહન વિભાગ સીધા પેટ્રોલ પંપો પર જ આવા વાહનોનું ચેકિંગ શરૂ કરી દીધુ છે. મંગળવારે આશરે ૩૫૦ જેટલા પેટ્રોલ પંપો પર ચેકિંગ કર્યું હતું.

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડીઆદ દ્વારા તા.૧૩ નવેમ્બર ૨૦૨૫નાં રોજ નેશનલ લોક અદાલત યોજાશે

મે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી દ્વારા લોક અદાલતના નિર્ધારિત વાર્ષિક કાર્યક્રમ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદનાં ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એન એ. અંજારીઆ સાહેબના નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ આગામી તા.૧૩/૧૨/૨૦૨૫ શનિવારના રોજ જિલ્લા ન્યાયાલય, નડીઆદ મુકામે આવેલ કોર્ટો સહિત ખેડા જીલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત તાલુકા કોર્ટો ખાતે નેશનલ લોક અદાલત યોજાશે. આ નેશનલ લોક અદાલતમાં મોટર વાહન અકસ્માત વળતરના કેસો, સમાધાનલાયક ફોજદારી કેસો, દીવાની દાવાઓ, કામદારના વળતરનાં કેસો, જમીન સંપાદન વળતરનાં કેસો, ગ્રાહક સેવા તકરારની બાબતોના કેસો, વીજ કંપનીના કેસો, મોબાઈલ કંપની સાથે વિવાદના કેસો, મની સ્યુટ, બેંકના લેણા કેસો, દરખાસ્તના કેસો, NI ACT ૧૩૮(નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ નાં ચેક રિટર્નના કેસો), લગ્ન સંબંધિત તકરારો જેમ કે છૂટાછેડા, ખાધા-ખોરાકીને લગતા કેસો તથા બેંકના લોન (એન.પી.એ.) ખાતાઓની રિકવરી માટેનાં પ્રીલીટીગેશન કેસો સહિતના તમામ એવા કેસો કે જેમાં કબુલાત કે સમાધાન રાહે કેસોનો નિકાલ કરી શકાય તેવા કેસો હાથ ધરવામાં આવશે. આ તા.૧૩/૧૨/૨૦૨૫ નાં રોજની નેશનલ લોક અદાલતમાં વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરી શકાય તેવા ઉમદા હેતુસર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદના ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી. ડી બી. જોષીએ લોક અદાલતના લાભો વિષે માહિતી આપતાં જણાવ્યું હતું કે લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે, લોક અદાલતમાં કેસનો નિકાલ થવાથી બંને પક્ષકારોને ઘરે દીવો પ્રગટે છે.લોક અદાલતમાં કેસોનો નિકાલ-ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી, કોર્ટ ફીની રકમ પુરેપુરી રીફંડ પરત મળવાપાત્ર છે તથા અન્ય કોઈ ખર્ચ થતો નથી, જેથી જે અરજદારો, પક્ષકારો, વકીલશ્રીઓ, વીમા કંપનીઓ, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, વીજ કંપની તથા મોબાઈલ કંપનીઓ વિગેરે આ લોક અદાલતમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ તેમની સંપૂર્ણ વિગતો સાથે જિલ્લા કક્ષાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદ ખાતે તથા તાલુકા કક્ષાએ જે તે સંબંધિત નામદાર કોર્ટમાં તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા અપીલ કરી હતી જેથી વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરીને લોક અદાલતના હેતુને ખરા અર્થમાં સાર્થક કરી શકાય.
આ તા.૧૩/૧૨/૨૦૨૫ નાં રોજની નેશનલ લોક અદાલતમાં વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરી શકાય તેવા ઉમદા હેતુસર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદના ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી. ડી બી. જોષીએ લોક અદાલતના લાભો વિષે માહિતી આપતાં જણાવ્યું હતું કે લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે, લોક અદાલતમાં કેસનો નિકાલ થવાથી બંને પક્ષકારોને ઘરે દીવો પ્રગટે છે.લોક અદાલતમાં કેસોનો નિકાલ-ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી, કોર્ટ ફીની રકમ પુરેપુરી રીફંડ પરત મળવાપાત્ર છે.

તથા અન્ય કોઈ ખર્ચ થતો નથી, જેથી જે અરજદારો, પક્ષકારો, વકીલશ્રીઓ, વીમા કંપનીઓ, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, વીજ કંપની તથા મોબાઈલ કંપનીઓ વિગેરે આ લોક અદાલતમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ તેમની સંપૂર્ણ વિગતો સાથે જિલ્લા કક્ષાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદ ખાતે તથા તાલુકા કક્ષાએ જે તે સંબંધિત નામદાર કોર્ટમાં તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા અપીલ કરી હતી જેથી વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરીને લોક અદાલતના હેતુને ખરા અર્થમાં સાર્થક કરી શકાય.

**ટેકનોલોજી એટલી એડવાન્સ થતી જાય છે કે વિશ્વ આખું આપણી મુઠ્ઠીમાં હોય એમ આપણે દરેકની ગતિવિધિ પર નજર રાખી શકીએ છીએ!**

# સત્ય પ્રેમ અને કરુણા એ ઈશ્વર સુધી પહોંચવા માટેનાં માર્ગનાં ત્રણ મહત્વના મુકામ છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સત્ય પ્રેમ અને કરુણા એ નિસરણીનાં ત્રણ પગથિયાં છે, અને આપણે કરુણા સુધી પહોંચવું હોય, દરેકની સુખ સુવિધા માટે વિચારવું હોય તો, પ્રેમને પરમ પ્રેમ સુધી લઈ જવો પડે, કે જ્યાં હું અને માત્ર મારો પરિવાર એમ નહીં, દયમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવના સ્થિર થવી જોઈએ! પણ આપણે રહ્યાં સંસારી અને અંતે તો ભોગની આપણી માનસિક્તા છે, એટલે સરળ તરલ અને સ્વાદિષ્ટ બનાવીને જે વાનગી પીરસવામાં આવે તે પ્રમાણમાં ઝડપથી પચી જાય, એટલે ચિંતન રોજ જુદી જુદી કેડી પકડે છે,**

હે ઈશ્વર. આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. તુલસી વિવાહનો પ્રસંગ પણ વાજતે ગાજતે સંપન્ન થયો! એની પૌરાણિક કથા પણ આપણે જોઈ કે ભગવાન ખુદ પણ જો પરમાર્થ નો માર્ગ ચૂકી જાય તો દંડિત થાય છે! ભલે એ આવનાર અવતાર ની પૂર્વ ભૂમિકા રૂપે હોય, કે પછી જલંધર ના રુપમાં રહેલા અધર્મનાં વધ માટે હોય! પરંતુ જલંધર જે હોય તે, તેની પત્ની તો પતિવ્રતા ઉપરાંત વિષ્ણુ ભક્ત હતી, એની સાથે આવી છેતરપિંડી??! એટલે પૂરાં સમાજ માટે દેવતાઈ વૃત્તિ એટલી આવકાર્ય નથી, પણ કહેવા દો કે એકવીસમી સદીના વિકાસથી આકર્ષિત થઈને આજનો સમાજ ખુદનાં લાભ માટે સ્વાર્થી બનતા અચકાતો નથી! બાકી રામચરિત માનસ અને ભગવત્ ગીતા કંઠસ્થ હોય એવાં પણ લોકો આ સમાજમાં છે જ! ટૂંકમાં સત્ય આપણે જાણીએ છીએ, અને ક્યાંક ક્યાંક પ્રેમની પરિભાષા પણ સમજાય છે, પરંતુ કરુણા બહુ દૂર પડે છે, કારણકે સાતત્ય એટલે કે દ્રષ્ટિની વચ્ચે આ સ્વાર્થ અને લાભ બેય ગોઠવાઈ ગયાં છે, અને લાખ સહાનુભૂતિ થવા પિડિત પતિત કે છેક છેવાડાનાં માનવી સુધી સંવેદના થવા દેતા નથી, અને એટલે કરુણા અનુભવી શકાતી નથી.

આ વિધાન થોડું વિચિત્ર છે, કે તો શું બેન વિકાસનાં વિરોધી છે? સમય એટલો ઝડપથી આગળ વધે છે કે, આપણે જો એક ડગલું પણ એની સાથે ન ચાલીએ, તો સમય આગળ નીકળી જાય! અને પછી નવી પેઢી આપણી પર ઓર્થોડોક્સ નું લેબલ લગાડી દે! એટલે વિકાસ નો વિરોધ નથી, પણ જેમ હું આ સુખ સુવિધા ઈચ્છું છું! શું એ સુખ સુવિધા સૌને આસાનીથી ઉપલબ્ધ છે? અથવા બધાં એટલાં જ અધિકારી છે! તો મારી સિવાય અથવા સૌથી વધુ હું સુખી થાઉં! એ વિચાર ખોટો છે, એટલું તો વિચારવું જ પડે! અને બસ બીજાં સુધી દ્રષ્ટિ નાંખવા આટલું વિચારવું પર્યાપ્ત છે.

સત્ય પ્રેમ અને કરુણા એ નિસરણીનાં ત્રણ પગથિયાં છે, અને આપણે કરુણા સુધી પહોંચવું હોય, દરેકની સુખ સુવિધા માટે વિચારવું હોય તો, પ્રેમને પરમ પ્રેમ સુધી લઈ જવો પડે, કે જ્યાં હું અને માત્ર મારો પરિવાર એમ નહીં, હદયમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવના સ્થિર થવી જોઈએ! પણ આપણે રહ્યાં સંસારી અને અંતે તો ભોગની આપણી માનસિકતા છે, એટલે સરળ તરલ અને સ્વાદિષ્ટ બનાવીને જે વાનગી પીરસવામાં આવે તે પ્રમાણમાં ઝડપથી પચી જાય, એટલે ચિંતન રોજ જુદી જુદી કેડી પકડે છે,પણ અંતે દરેક કેડીનું ધ્યેય એક જ છે. પરંતુ લાખ કોશિશ કરવા છતાં માનવ સ્વાર્થનો શીરો ખાવાનું ભૂલતો નથી, અને પરમ પ્રેમ એટલે કે પ્રેમ નામની અદભુત સંજીવનીથી વંચિત રહી જાય છે. આ સંજીવનીથી ચેતનવંતા થવું હોય તો, પરમાર્થ સિવાય બીજો એક પણ રસ્તો કે માર્ગ નથી. સંસારમાં રહીને પણ પરમ ઉપલબ્ધિ સ્વરૂપે આ પ્રેમ નામની સંજીવની પ્રાપ્ત કરી શકાય છે, અને એનું એકમાત્ર સાધન પરમાર્થ છે. પૂજા-પાઠથી પરમાત્માની ભક્તિ કરીને પરમાત્માનું અનુસંધાન કેળવીને ઘણાં પરમ પ્રેમનાં પદને પામી ચૂક્યા છે. પરંતુ સમસ્તમાં એકનો ભાવ, અને એકમાં સમસ્તનો ભાવ એ બંનેમાં ઘણું અંતર છે. પરંતુ લાંબા ગાળે એમ એક માં સમસ્ત ના દર્શન કરવા વાળા પણ પરમાર્થ તરફ પગલા પાડે છે. કૃષ્ણ લીલામાં આપણે સૌ જાણીએ છીએ કે બાળ ક્રિષ્ના માટી ખાઈ જાય છે, અને મા જશોદા તેને મોઢું ખોલવા કહે છે, ત્યારે તેને ૧૪ બ્રહ્માંડના નાયક ના દર્શન થાય છે, અને એ જો તેને સ્મૃતિમાં રહી જાય તો બાળકને એ માતા જેવો પ્રેમ કરી શકે નહીં. એટલે એ દ્રશ્યની વિસ્મૃતિ કરવામાં આવે છે. એમ ઈશ્વર પણ એક માં સમસ્ત કે, સમસ્ત માં એક ના દર્શન કરનારને ક્યારેક ને ક્યારેક તો પોતાના સાધકના ઈચ્છિત સ્વરૂપની ઝાંખી કરાવતો હોય છે. પરંતુ એ તેને વિસ્મૃતિ પણ કરાવી શકે, અને ન કરાવે તો જે તે વ્યક્તિ પોતાનું ભાન પણ ખોઈ બેસે અને પાગલની જેમ કોઈ એક વાત ના સ્મરણ પર અટકી શકે, ટૂંકમાં કોઈ અન્ય મસ્તી ને પામી અને તે દુનિયાદારી ભૂલી જાય છે. આપણે જોયું એમ ગુરુ નાનક આનું દ્દષ્ટાંત પૂરું પાડે છે, આવા તો કેટલા એ સંત મહાત્મા કે ફકીર હશે જેણે પરમાત્માને પ્રાપ્ત કર્યા હશે, અથવા તો એ પરમની અનુભૂતિને અનુભવી હશે. પરંતુ સંસારીની એક મર્યાદા છે, અને તેને આ સંસારમાં કે આ સમાજમાં અને આ બધાં સંબંધોના વ્યવહારો સાચવતાં સાચવતાં જ જે કંઈ કરવું હોય તે કરવાનું હોય છે, એટલે કે પરમાત્માનું અનુસંધાન કરવા પૂજા, અર્ચના, સાધના, આરાધના, ઉપાસના, આમ ધીરે-ધીરે પ્રગતિ કરે છે. પૂજા શબ્દ આવે એટલે અમુક પ્રકારના સાધનો તેમાં જોઈએ, કંકુ, ચોખા, ચંદન, દીવો, અગરબત્તી, ધૂપ, અને ભોગ એટલે કે પ્રસાદ વગેરે પ્રાથમિક સાધનનો પૂજામાં આગ્રહ હોય છે, અને આ આગ્રહ જો જડ બને તો પૂજા સાચું પરિણામ લાવી શકતી નથી, અને તેનાથી આગળની યાત્રા એટલે કે અર્ચના, સાધના, આરાધના, ઉપાસના એ પગથીયા ચડી શકતી નથી, અને અંતે પરમાત્મા તરફથી મળતાં પરિણામ સ્વરૂપ કે પ્રસાદ સ્વરૂપ પરમ પ્રેમની સંજીવની મળતી નથી. કર્મમાં પણ એવું જ છે એટલે કે કર્મ પણ જો અકર્તા ના ભાવ સાથે કરવામાં આવે તો જ તે પરિણામદાયી બને છે, અને આમ પણ નાની મોટી સ્વાર્થની વૃત્તિઓ એટલે કે પદ પ્રતિષ્ઠા કે રૂપિયા પૈસા મળે, એવી કોઈ વૃત્તિથી કર્મ કરવામાં આવે તો એ પણ ઉપાસનાના ઘાટ સુધી લઈ જતી નથી. એટલે જ આપણે ત્યાં નિસ્વાર્થ પ્રેમ એવો શબ્દ પ્રયોગ થયો. પરંતુ હકીકતમાં પ્રેમ નિઃસ્વાર્થ હોય તેને જ કહેવામાં આવે છે. દુનિયાદારીના વ્યવહારો સાચવવામાં માનવી સ્વાર્થનો ઉપયોગ કરતો ગયો અને એમ એમ જ એનો આદતી બની ગયો, અને જે બાજુ લાભ હોય એ બાજુનો તેનો હંમેશા ઝુકાવ રહેવા લાગ્યો.

ટેકનોલોજી એટલી એડવાન્સ થતી જાય છે કે વિશ્વ આખું આપણી મુઠ્ઠીમાં હોય એમ આપણે દરેકની ગતિવિધિ પર નજર રાખી શકીએ છીએ! અને ત્યારે હું અને તમે વિકાસને આડાં હાથ દઈને પણ રોકી નહીં શકીએ! પણ સમયની માંગ ને લીધે થયેલો આ વિકાસ સૌ માટે શુભની ભાવના ધરાવે છે? પ્રાણીમાત્ર નું ભલું ઈચ્છે છે? સૌને સાથે લઈને ચાલે છે?: અને માત્ર સુખ જ આપે છે કે પ્રસન્નતા પણ આપે છે! વડ જેમ છાંયડો આપે છે? કે પછી રહ્યાં સહ્યાં વૃક્ષ રુપી છાંયડા પણ કાપે છે!: તો આપણે સત્ય પ્રેમ અને કરુણા ની નિસરણી નાં આ ત્રણે મુકામે આપણી સાચી અનુભૂતિને આત્મસાત કરી જીવન જીવીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**સાપ ગુસ્સે થયો અને છોકરાને કરડ્યો. છોકરો સાપના ઝેરથી મરી ગયો**

# જો ગુરુ પોતે સંસારના વિષયોમાં ફસાયેલા હોય તો તે તમને સંસાર બંધનમાંથી છોડાવી શકશે નહીં..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એક ગરીબ બ્રાહ્મણ પોતાના ખેતરમાં ખૂબ મહેનત કરતો હતો. એક દિવસ થાકીને એક ઝાડનીચે આરામ કરી રહ્યો હતો. પછી તેણે એક સાપને ખાડામાંથી નીકળતો જોયો. બ્રાહ્મણે વિચાર્યું," મારે દરરોજ આ સાપની પૂજા કરવી જોઈએ. કદાચ તેના આશીર્વાદથી, મારા ખેતરોમાં સારો પાક આવશે."**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે જોઇએ તો મન મલિન છે,તે મોટા મોટાસાધુઓને પણ ત્રાસ આપેછે મન ચંચળ છે.વિક્ષેપ, આવરણ વગેરેથી એ કલુષિત થયેલું છે. ડહોળાયેલા કે મલિન જળમાં પ્રતિબિંબ દેખાતું નથી,તેમ શેવાળ વાળા જળમાં પણ પ્રતિબિંબ દેખાતું નથી.તેવી રીતે મમલન, ચંચળ તથા આવરણયુક્ત મનમાં પરમાત્માનું પ્રતિબિંબ દેખાતું નથી માટે કોઈ સંતને શરણે જાવ. કોઈ ગુરુને શરણે જાવ.

નૃસિંહ સ્વામીએ ગુરુગુરુ બોલીને જગતને બોધ આપ્યો છેકે,સદ ગુરુની કૃપા વગર મારોસાક્ષાત્કાર થતો નથી. નામદેવને પણ ગુરુ વગર જ્ઞાન ન થયેલું. આજકાલ લોકો પુસ્તકો વાંચીને પથારીમાં પડયા પડયા જ્ઞાની બની જાય છે. કહે છે કે, ગુરુની જરૂર નહીં, બ્રહ્મચર્ય પાળવાની જરૂર નહીં, મૌન રાખવાની જરૂર નહીં,સંત સેવા કરવાની જરૂર નહીં. સદા ચાર પાળવાની પણ જરૂર નહીં પુસ્તકમાંથી ચાર વચન ગોખી નાખ્યા એટલે પાર! એક વખત મહારાષ્ટ્રમાં સંત ભક્તોની મંડળી મળી હતી.મુક્તાબાઈએ ગોરા કુંભારને ભક્તમંડળીના ભક્તોની ત્યાં પરીક્ષા કરવા કહ્યું.નામદેવને અભિમાન થયું કે,ભગવાન મારી સાથે વાતો કરે છે, પછી મારામાં શું ખામી છે? હું જ શ્રેષ્ઠ છું.ગોરા કુંભાર બધાને માથામાં ટપલીમારી પરીક્ષા કરે છે.તેમણે નામદેવને માથા ઉપર ટપલી મારી નામદેવે મોઢું સહેજ બગાડયું. ગોરા કુંભારે આમ તમામ સંત ભક્તોનાં માથાં પર ટપલીઓ મારી પણ નામદેવ સિવાય કોઇએ મોં બગાડયું નહીં.

છેલ્લે ગોરાકુંભારે સભામાં નિર્ણય જાહેર કર્યોકે,બધાનાં હાંડલાંપાકાં છે,એક આ નામદેવનું હાંડલું કાચું છે.પછી નામદેવ કહે,તમારુંહાંડલું પાક્યું નથી.તમનેશિક્ષણની જરૂર છે.તે પછી નામદેવજીવિઠ્ઠલ નાથ પાસે ગયાને કહે છેકે,ગોરા કુંભાર મને આમ કહે છે.માથામાં ટપલી મારીને કુંભારના હાંડલાં પેઠે માણસની પરીક્ષા થતી હશે?મુક્તાબાઈની પણ ભૂલ કહેવાય!ત્યારે વિઠ્ઠલનાથે કહ્યું,ના, મુક્તા બાઈની ભૂલ નથી અને ગોરા કુંભાર જો કહેતાં હોય કે તારું હાંડલું કાચું છે,તો જરૂરએ કાચું છે. તું ભલે માને કે તું સંપૂર્ણ છે, પણ નામદેવ,તને હજુ વ્યાપક બ્રહ્મના સ્વરૂપનો અનુભવ થયો નથી,કારણકે તે હજુ સદગુરુ કર્યા નથી. તે માટે મંગળ વેઢામાં મારા એક ભક્ત વિસોબા ખેચર રહે છે તેમની પાસે તું જા,તે જ્ઞાન આપશે તે પછી નામદેવ વિસોબા ખેચરને ત્યાં જાય છે. તે વખતે વિસોબા શિવના મંદિરમાં હતા. નામદેવ ત્યાં ગયા.ત્યાં જઈને જોયું તો વિસોબા ખેચર શિવના લિંગ ઉપર પગ મૂકીને સૂતેલાહતા વિસોબાને જાણ થઈ ગયેલી કે, નામદેવ આવે છે.તેથી તેમણે શિક્ષણ આપવા પોતાના પગ શંકરના લિંગ ઉપર રાખીને સૂતા હતા.નામદેવે આ દશ્ય જોયું. નામદેવને થયું, આવો અવિવેકી પુરુષ,જે ભગવાનની પણ આમન્યા રાખતો નથી તે મને શું શિક્ષા આપવાનો હતો? નામદેવે વિસોબાને તેમના પગ શિવલિંગ ઉપરથી લઈ લેવા કહ્યું ત્યારે વિસોબા ખેચર કહે છે કે,તું જ મારા પગ શિવલિંગ ઉપરથી ઉઠાવીને કોઈ એવી જગ્યાએ મૂક કે, જ્યાં શંકર ન હોય. નામદેવ જ્યાં પગ મૂકવા જાય ત્યાં શિવ લિંગ પ્રગટે. આખું મંદિર શિવલિંગ થી ભરાઈ ગયું.ચારેબાજુ શિવજી

નામદેવને આશ્ચર્ય થયું કે આ શું? એટલે વિસોબાએ નામદેવને કહ્યું કે, ગોરાકાકાએ કહેલું કે, તારી હાંડલી હજુ કાચી છે તે સાચું છે. તને હજુ સર્વ જગ્યાએ ઈશ્વર દેખાતા નથી. ઈશ્વર વિશ્વમાં સર્વ જગ્યાએ સૂક્ષ્મ રીતે રહેલા છે. ઈશ્વરને તું સર્વમાં નિહાળ! 'પતી ગયું કાચી હાંડલી પાકી થઈ ગઈ. ગુરુના એક જ ટકોરાથી''ભક્તિને જ્ઞાનનો સાથ મળ્યો એટલે નામ દેવને સર્વમાં સર્વ જગ્યાએ હવે વિઠ્ઠલ દેખાવા લાગ્યા.પાછાં ફરતાં રસ્તામાં નામદેવ જમવા માટે એક વૃક્ષ નીચે બેઠા. ત્યાં એક કૂતરો આવી તેનો રોટલો લઈને નાસવા લાગ્યો. આજે નામ દેવને કૂતરામાં પણ વિઠ્ઠલ દેખાયા રોટલો કોરો હતો.નામદેવ ઘીની વાટકી લઈ કૂતરા પાછળ બૂમોપાડતા બોલ્યા વિઠ્ઠલ,ઊભા રહે, ઊભા રહે! રોટલો કોરો છે, તેમાં ઘી ચોપડી આપું? હાંડલી પાકી થઈ હતી ને! જો ગુરુ પોતે સંસારના વિષયોમાં ફસાયેલા હોય તો તે તમને સંસાર બંધનમાંથી છોડાવી શકશે નહીં. ઈશ્વર સર્વત્ર છે,એમ જો મનુષ્ય માનવા લાગે,તો પછી પાપ કરવાની એને કોઈ જગ્યા જનહીં મળે.તો પાપીને કામ કરવાનો પ્રસંગ જ ન આવે. હિરણ્યકશિપુનો સંહાર કર્યો, તેમ છતાં નૃસિંહ સ્વામીનો ક્રોધ શાંત થતો નથી. નૃસિંહ સ્વામીનું ઉગ્ર સ્વરૂપ જોઈ ત્રણે લોક ભયભીત થયા.તેમની પાસે જવા માટે કોઇ ની હિંમત ચાલતી નથી. બ્રહ્માજીએ સ્તુતિ કરી,શાંત થાવ, શાંત થાવ.પણ કોણ સાંભળે?

છેવટે નૃસિંહ સ્વામીનો ક્રોધ શાંત કરવા દેવોએ લક્ષ્મીજીને નૃસિંહ ભગવાન પાસે મોકલ્યાં.લક્ષ્મીજી ને એમ કે એ તો મારા ઘરવાળા છે! હું પાસે જઇશ એટલે શાંત થઈ જશે.આજે અભિમાનથી લક્ષ્મીજી આવ્યાં છે,પણ નૃસિંહ સ્વામી તો એમને પણ ઓળખતા નથી.દિન થઈને આવે તો પ્રભુ સ્વીકાર કરે. ત્યારે બ્રહ્માજીએ પ્રહલાદને કહ્યું, બેટા,તારા પિતા ઉપર કોપાયમાન થયેલા ભગવાનને તું શાંત કર!ભગવાન આજે તારા કાજે પ્રગટ્યા છે, માટે તું પાસે જઈશ તો તેઓ શાંત થઈ જશે.પ્રહલાદ ભગવાન પાસે ગયા બે હાથજોડી ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરે છે. ત્યાં એને જોઈ પ્રભુના હ્રદયમાં આનંદ ઊભરાયો એકદમ પ્રહલાદને ઊઠાવીને ગોદ માં લીધો અને વાત્સલ્યભાવે તેનું શરીર ચાટવા લાગ્યા.આજે છેલ્લે એક ગરીબ બ્રાહ્મણ અને સાપની વાત જોઈએ અને ચિંતન કરીએ

એક ગરીબ બ્રાહ્મણ પોતાના ખેતરમાં ખૂબ મહેનત કરતો હતો. એક દિવસ થાકીને એક ઝાડનીચે આરામ કરી રહ્યો હતો.પછી તેણે એક સાપને ખાડામાંથી નીકળતો જોયો.

બ્રાહ્મણે વિચાર્યું,''મારે દરરોજ આ સાપની પૂજા કરવી જોઈએ. કદાચ તેના આશીર્વાદથી,મારા ખેતરોમાં સારો પાક આવશે.''

તે સાંજે, તેણે સાપને દૂધ આપ્યું અને કહ્યું,''ખેતરોના રક્ષક,હું તમને આ દૂધ અર્પણ કરું છું. કૃપા કરીને મારા પર તમારા આશીર્વાદ વરસાવો.''

બીજા દિવસે સવારે,જ્યારે બ્રાહ્મણ પાછો ફર્યો, ત્યારે તેને દૂધના વાટકામાં સોનાનો સિક્કો મળ્યો.બ્રાહ્મણ દરરોજ સાપને દૂધ અર્પણ કરતો,અને સાપ વાટકામાં સોનાનો સિક્કો છોડી દેતો.ટૂંક સમયમાં બ્રાહ્મણ ધન વાન બની ગયો. એક દિવસ, બ્રાહ્મણને કોઈ કામ માટે શહેરની બહાર જવાનું થયું. તેણે પોતાના દીકરાને સાપને દૂધ આપવા કહ્યું.

છોકરાએ તેના પિતાની આજ્ઞાનું પાલન કર્યું. બીજા દિવસે, જ્યારે દીકરો ખાડામાં ગયો,ત્યારે તેને એક સોનાનો સિક્કો મળ્યો.

છોકરાએ વિચાર્યું, "આ ખાડામાં ઘણા બધા સોનાના સિક્કા હશે. હું સાપને મારીને બધા સોનાના સિક્કા કેમ ન કાઢી લઉં?''

તે સાંજે, તેણે લાકડીથી સાપને મારવાનો પ્રયાસ કર્યો. સાપ ગુસ્સે થયો અને છોકરાને કરડ્યો. છોકરો સાપના ઝેરથી મરી ગયો.

જ્યારે બ્રાહ્મણ શહેરથી પાછો ફર્યો,ત્યારે તેને આખી ઘટનાની જાણ થઈ.તેણે સાપને દોષ ન આપ્યો.

બીજા દિવસે સાંજે તે ખાડામાં ગયો અને સાપને દૂધ આપ્યું.

ઘાયલ સાપે ગુસ્સે થઈને બ્રાહ્મણ ને કહ્યું, "તું તારા પુત્રના મૃત્યુ વિશે આટલી જલ્દી ભૂલી ગયો અને સોનાના સિક્કાના લોભમાં ફરી અહીં આવી ગયો.હું હવે તારો મિત્ર રહી શકતો નથી. તું અહીં દરરોજ ભક્તિથી નહીં, પણ લોભથી આવ્યો છે.'' સાપે બ્રાહ્મણને એક હીરા આપ્યો અને ફરીથી ત્યાં આવવાની ના પાડી. અસ્તુ.

# અનીત પડ્ડાનો 'થામા'માં પોતાનું નામ અને ટીઝર જોઈને ખુશ થતો વીડિયો વાયરલ

**થોડા દિવસો પહેલાં આયુષ્યમાન ખુરાનાએ પણ અનીતનું મેડોકના હેરોર કોમેડી યુનિવર્સમાં સ્વાગત કર્યુ હતું**

અનીત પડ્ડા મોહિત સુરીની ફિલ્મ 'સૈયારા'થી રોતારાત સ્ટાર બની ગઈ છે. તાજેતરમાં જ તે મેડોકની 'શક્તિ શાલિની'માં લીડ રોલ કરતી હોવાની જાહેરાત થઈ છે. મેડોકના હોરર કોમેડી યુનિવર્સનું આગામી મોટું પ્રકરણ શક્તિ શાલિની છે. ત્યારે અનીત પડ્ડાના આ પાત્રની ઝલક 'થામા'માં છેલ્લે પોસ્ટ ક્રેડિટમાં આપવામાં આવી છે. ૨૧ ઓક્ટોબરે દિવાળી નિમિત્તે 'થામા' રિલીઝ કરવામાં આવી છે. ત્યારે હવે અનીત પડ્ડાનો એક વીડિયો વાયરલ થયો છે, તે થિએટરમાં બેસીને 'થામા'માં તેનું 'શક્તિ શાલિની'નું ટીઝર જોઈ રહી છે. આ વીડિયોમાં તે એટલી ઉત્સાહીત અને ખુશ છે કે તેની ખુશી સમાતી નથી. અનીત પડ્ડાનો થામાના પોસ્ટ ક્રેડિટમાં શક્તિ શાલીનીના ટીઝરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, તે આ જોતાં ખડખડાટ હસે છે. આ વીડિયો જોઈને તેના ફૅન્સ પણ ખુબ ખુશ થઈ ગયા છે અને તેના વીડિયો પર અનેક કમેન્ટ્સ આવી છે. 'શક્તિ શાલિની' ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ના દિવસે થિએટરમાં રિલીઝ થવાની છે. 'થામા'માં જોવા મળતી ઝલક પરથી અંદાજ આવે છે કે 'શક્તિ શાલિની'નું પાત્ર ''સર્જક, વિનાશક અને બધાની માતા''. થામાનો આ પોસ્ટ ક્રેડિટ સીન વાયરલ થયો ત્યારથી જ અનીત પડ્ડા આ રોલ કરવાની હોવાની ચર્ચા ચાલી હતી. આ ઝલકમાં એક મહિલા ગાઢ જંગલમાં હવામાં ઉડી રહી છે પાછળથી કેમેરા તેને ફોલો કરી રહ્યો છે. તેનો લાંબો ચોટલો પણ હવામાં ઉડી રહ્યો છે. તેનાથી અનીતની મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં ગ્રન્ડ એન્ટ્રીની ઝલક મળે છે. અગાઉ આ રોલ કિઆરા અડવાણી કરવાની હોવાની પણ ચર્ચા હતી, પરંતુ અંતે અનીતને આ રોલ માટે ફાઈનલ કરવામાં આવી છે.થોડા દિવસો પહેલાં આયુષ્યમાન ખુરાનાએ પણ અનીતનું મેડોકના હેરોર કોમેડી યુનિવર્સમાં સ્વાગત કર્યુ હતું. તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું, ''એમએચસીયુમાં સ્વાગત છે અનીત પડ્ડા. પંજાબી આ ગયે ઓયે..એક સપના જોનાર તરફથી બીજાને શુભેચ્છાઓ – તું જે ઈચ્છે તેનો પીછો કર્યા કર. કંઈ જ અશક્ય નથી. પંજાબથી કોઈ અમને બધાને ગૌરવ અપાવે છે એનું અમને ગૌરવ છે...તમે શક્તિ શાલિનીમાં ચમકતા જોવા ઉત્સુક છીએ. ઉપર અને આગળ વધતી રહે અનીત..''



# માતૃત્વનો દંડ અને પિતૃત્વના ફાયદા જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે : કોંકણા

અનુરાગ બાસુની લોકપ્રિય ફિલ્મ 'લાઈફ ઈન મેટ્રો'ની સિક્વલ 'મેટ્રો ઈન દિનોં..' આવી રહી છે, જેમાં વિવિધ શહેર અને ઉંમરનાં લોકો વચ્ચેની લવ સ્ટોરી જોવા મળશે. આગળની ફિલ્મમાં કોંકણા સેનની જોડી ઈરફાન ખાન સાથે હતી, જ્યારે આ ફિલ્મમાં હવે કોંકણાની જોડી પંકજ ત્રિપાઠી સાથે છે. ત્યારે આ ફિલ્મ પહેલાં તેણે એક ઈન્ટરવ્યુમાં મધરહૂડ, વર્કલાઈફ બેલેન્સ અને પંકજ ત્રિપાઠી સાથે કામ કરવાના અનુભવ વિશે વાત કરી હતી. આ ફિલ્મમાં પંકજ ત્રિપાઠી અને કોંકણા સેન ઉંમરના મધ્યાહ્ને પહોંચી ગયેલાં એક કપલનો રોલ કરે છે. આ અંગે કોંકણાએ કહ્યું, લગ્નના દસ-બાર વર્ષ પછી, જ્યારે તમારે બાળકો હોય, હપ્તા હોય, બાળકોની સ્કૂલની ફી ભરવાની હોય, તમારી નોકરીઓ હોય અને ત્યારે તમે ઘરની જવાબદારીઓ અને તેના પગલે આવતી મુશ્કેલીઓથી ઘેરાઈ જાવ છો.ઘણા દંપતિ આ પડકારોનો સામનો કરે છે. ૧૦-૧૨ વર્ષ પછી શરૂઆતનો ઉત્સાહ, રોમાંચ ગાયબ થઈ જાય છે. પરિસ્થિતિ બદલાઈ જાય છે. અનુરાગે આ વાતને ઘણી સંવેનશીલતા અને હળવાશથી બતાવી છે. ઘણા કપલ તેનાથી પોતાની જાતને જોડી શકશે.વર્ક લાઈફ બેલેન્સ અંગે વાત કરતા કોંકણાએ કહ્યું કે આજના દિવસોમાં અને આ ઉંમરે, દરેક ઈન્ડસ્ટ્રીમાં માતૃત્વના દંડ જેવી સ્થિતિ છે, માત્ર એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીમાં નહીં. ''તેને ફાધરહૂડ પ્રીમિયમ અને મધરહૂડ પેનલ્ટી કહેવાય છે.''પંકજ ત્રિપાઠી સાથે કામ કરવાના અનુભવ વિશે કોંકણાએ કહ્યું, ''મને લાગે છે કે અનુરાગ સાથે કામ કરવામાં બધું સહજ લાગે છે. મને લાગે છે કે તેનાં બધાં જ કલાકારોને આવું જ લાગતું હશે, કમ સે કમ આ ફિલ્મમાં તો ખરું જ. અનુરાગના સેટ પર બધું બહુ સરળ લાગે છે એ એનો ગુણ છે. એ બહુ સારો વ્યક્તિ છે. તેના સેટ પર કોઈ સ્ટ્રેસ નથી હોતો એટલે એની સાથે કામ કરવાનું સરળ રહે છે. મને લાગે છે એ સારી વાત છે અને બધા આ માહોલમાં જ શ્રેષ્ઠ કામ કરી શકે છે.''આ ફિલ્મના પાત્ર વિશે વાત કરતા કોંકણાએ કહ્યું, ''આ બહુ મજાની વાત છે, કારણ કે આપણે જે પાત્ર કરતાં હોય એમાં આપણી જાતને જોઈ શકીએ એવું બહુ ઓછું લાગે છે.




# શાહબાનો કેસ આધારિત'હક' મુસ્લિમોને બદનામ કરતી નથી

ઈમરાન હાશ્મી અને યામી ગૌતમની ફિલ્મ 'હક' આવી રહી છે, જેમાં ઈમરાન એક નવા અવતારમાં જોવા મળશે. આ ફિલ્મમાં કાયાદાકીય લડત જાણીતા શાહબાનો કેસ પર આધારીત છે, જેણે મુસ્લિમ મહિલાઓ માટે સન્માન સાથે છૂટેછાડાના અધિકારની ક્રાંતિ લાવવાનું કામ કર્યુ હતું. આ ફિલ્મમાં યામી ગૌતમ શાહ બાનોના રોલમા જોવા મળશે. આ ફિલ્મનું ટ્રેલર લોંચ થયા પછી ઘણા લોકોએ તેના વખાણ કર્યા તો ઘણા લોકોએ તેની ટીકા પણ કરી છે, જેમને લાગે છે કે આ ફિલ્મનું લક્ષ્ય મુસ્લિમોને બદનામ કરવાનું છે.એક ઈન્ટરવ્યુમાં ઈમરાન હાશ્મીએ કહ્યું કે આ ફિલ્મ મુસ્લિમ સમાજ સામે આંગળી ચીંધતી નથી. એએનઆઈના ઈન્ટરવ્યુમાં ઈમરાન હાશ્મીએ જણાવ્યું, ''મેં આ ફિલ્મની સ્ક્રીપ્ટ વાંચી હતી, મેં એક સર્જનાત્મક અભિનેતાની દૃષ્ટિએ આ ફિલ્મને જોઈ હતી, પરંતુ મારી કારકિર્દીમાં પહેલી વખત, મને દેખાયું હતું કે સમાજ પ્રત્યે સંવેદનશીલતા છે, મારા સમાજ પ્રત્યે. મારે થોડું જાણકાર બનવું પડશે અને મારે તેનું અલગ રીતે વિશ્લેષણ કરવું પડશે. હું એવા તારણ પર આવ્યો હતો કે આ ફિલ્મમાં ઘણો સંતુલિત દૃષ્ટિકોણ લેવાયો છે. તો અમે એવું કંઈ જ નથી બતાવતા કે અમે કોઈ સમાજ પર આંગળી ચીંધીએ છીએ અને કોઈના પર કોઈ નિવેદન કરતા નથી.''ઈમરાને એવું પણ કહ્યું કે આ ફિલ્મ કોઈ સમાજને બદનામ કરતી નથી. ''મને ખબર નથી લોકો શું કહેશે, પરંતુ એક ખુલ્લા વિચારોવાળા મુસ્લિમ તરીકે, હું એટલું કહી શકું કે મને આ ફિલ્મના દૃષ્ટિકોણ સાથે કોઈ તકલીફ નહોતી. કારણ કે અમે કોઈ સમાજને બદનામ કરતા નથી, જો એવું કરતા હોત તો મેં આ ફિલ્મ કરી ન હોત. અને હું કયા પ્રકારનો મુસ્લિમ છે, એ અંગે એક દૃષ્ટિકોણ આપવો હોય તો, મેં પરવીણ સાથે લગ્ન કર્યા, એ એક હિન્દુ છે. મારા પરિવારમાં મારા દિકરા પૂજા પણ કરે છે અને નમાઝ પણ પઢે છે. આ મારો બિનસાંપ્રદાયિક ઉછેર છે. તેથી મારા મતે હું આ ફિલ્મને જોઉં છું. દરેક ફિલ્મને પોતાના વિચારો, શરતો, ધાર્મિક વિચારધારા, ઉછેર, પર્યાવરણ અને દૃષ્ટિકોણ મુજબ જુએ છે.''



# કાર્તિક આર્યને આગામી ફિલ્મ 'નાગજિલા'નું શૂટિંગ શરૂ કર્યુ



કાર્તિક આર્યને પોતાની આગામી ફિલ્મ નાગજિલ્લાના શૂટિંગ શરૂ કર્યાનું શેર કર્યુ છે. અભિનેતાએ શનિવારે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક તસવીર શેર કરી હતી જેમાં તે નાગજિલ્લાના ક્લેપબોર્ડ સાથે જોવા મળ્યો હતો. તસવીરમાં ફિલ્મનું નામ નાગજિલ્લા અને દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબા લખેલું પણ જોવા મળતું હતું. આ સાથે અભિનેતાએ આ ફિલ્મની રિલીઝ ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ જણાવીને પ્રશંસકોને ખુશ કરી દીધા છે. આ જ દિવસે નાગપંચમી આવતી હોવાથી જ નિર્માતાએ ફિલ્મ રિલીઝ કરવાનો નિર્ણય લીધો હોવાનું કહેવાઈ કહ્યું છે. કાર્તિક આર્યને સોશયલ મીડિયા પર શેર કરતાં લખ્યું હતું કે, તે પોતાની ભૂલ ભૂલૈયા ૩ના એક વરસ પુરા થયાના દિવસે જ નાગજિલ્લાનું શૂટિંગ શરૂ કર્યુ છે. હર હર મહાદેવ સાથે તેણે પોતાની આ વાત પુરી કરી છે. ફિલ્મ નાગજિલ્લામાં અભિનેતા ઈચ્છાધારી નાગ પ્રિયંવદેશ્વર પ્યારે ચંદની ભૂમિકામાં જોવા મળશે.

# ક્લાસિક કાસ્ટ સાથે 'ધ ડેવિલ વેર્સ પ્રાડા ૨'નું કામ ચાલુ

**ફિલ્મના અંતે એન્ડી આ મેગેઝીનની જોબ છોડી દેવાનો નિર્ણય લે છે અને પેરિસ વીકમાંથી લાવેલાં પોતાનાં બધાં જ ડ્રેસ એમિલીને આપી દે છે**

'ધ ડેવિલ વેર્સ પ્રાડા'નામ સંભળાતાંની સાથે એન હેથવે અને મેરિલ સ્ટ્રીપ નજર સામે આવે છે, આ ફિલ્મ આવી તેને લગભગ ૨૦ વર્ષ જેટલો સમય વિતી ગયો છે. છેલ્લાં કેટલાંક વખતથી આ ફિલ્મની સિક્વલ અંગે ચર્ચાઓ થતી હતી, તો ક્યારેક તેની પહેલી કાસ્ટમાંથી અમુક કલાકારો આ ફિલ્મમાં નહીં જોડાઈ શકે એવી પણ ચર્ચાઓ હતી. ત્યારે હવે અંતે આ ફિલ્મની સિક્વલનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. ડિઝનીના ટ્વેન્ટીએથ સેન્ચુરી સ્ટુડિયોઝ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પર આ અંગે જાહેરાત કરવામાં આવી છે. ખુશીની વાત એ છે કે એમાં જુની ફિલ્મમાંથી મેરિલ સ્ટ્રીપ, એન હેથવે, એમિલિ બ્લન્ટ અને સ્ટેનલી ટુશી હશે જ. આ ફિલ્મ અંગેના કેટલાંક અહેવાલો અનુસાર સુત્રો દ્વારા એવી માહિતી મળી છે કે, આ ફિલ્મમાં એન્ડી એટલે કે એન હેથવેના બોય ફ્રેન્ડનું પાત્ર કરતો નેટ કૂપર, જે એડ્રિઅન ગ્રીનર દ્વારા કરવામાં આવ્યું હતું, તે સિક્વલમાં નહીં હોય. પહેલી ફિલ્મના અંતે નેટ અને એન્ડી વચ્ચે સમાધાન તો થઈ ગયું હતું, એન્ડીએ કહ્યું હતું કે તે નેટ સાથે રહેશે અને નેટ બોસ્ટન જઈ રહ્યો હતો, કોઈ એક રેસ્ટોરન્ટના શેફ તરીકે. સિક્વલમાં એન હેથવે, મેરિલ સ્ટ્રીપ, એમિલિ બ્લન્ટ, સ્ટેનલી ટુશી ઉપરાંત ડિરેક્ટર ડેવિડ ફ્રેંકેલ અને પ્રોડ્યુસર વેન્ડી ફાનરમેન પણ યથાવત રહ્યા છે. તે ઉપરાંત નવી ફિલ્મમાં કેનિથ બ્રેને પણ જોડાશે. સિક્વલમાં તે મિરાન્ડા પ્રિસ્ટલીના પતિના રોલમાં જોવા મળશે. પહેલા ભાગમાં એક મહત્વનો સીન હતો, જ્યાં તેણે કહ્યું હતું કે તેના ત્રીજા પતિએ તેની સામે ડિવોર્સનો કેસ કર્યો છે. આ એક માત્ર એવો સીન હતો,





જીતુ જોસેફે ઇટરવ્યુમાં મોહનલાલ સાથે ફિલ્મ દૃશ્યમ અને મિરાજ સહિતની ફિલ્મની વાત કરી

# 'દૃશ્યમ ૩'માં પણ પહેલાંની જેમ મલયાલમ વર્ઝન જ રિલીઝ કરાશે

જ્યારથી પહેલી વખત દૃશ્યમ ફિલ્મ આવી ત્યારથી આ ફિલ્મ વિશે દર્શકોમાં ઉત્સુકતા રહી છે. પહેલી ફિલ્મ આવી ત્યારે કોઈને અંદાજ નહોતો કે તેનો બીજો ભાગ આવશે. હવે ત્રીજી ફિલ્મ અંગે એવી ચર્ચા છે કે આ શ્રેણીની આ અંતિમ ફિલ્મ હશે. પરંતુ મૂળ મલયાલમ દૃષ્યમના ડિરેક્ટર જીતુ જોસેફે જણાવ્યું કે ''ના, આ ખરેખર ફિલ્મનો અંત નહીં હોય. મેં જ્યારે પહેલી દૃશ્યમ બનાવી ત્યારે પણ સિક્વલનું મારું કોઈ જ આયોજન નહોતું. પછી જ્યારે મને બીજી ફિલ્મનો વિચાર આવ્યો ત્યારે મેં સિક્વલ બનાવવાનું શરૂ કર્યુ. આગળ પણ આવું થઈ શકે છે. બીજી ફિલ્મ બની પછી મેં વિચાર્યુ કે જો આનો ત્રીજો ભાગ હોય તો કેવો હોય. સમયાંતરે મને ત્રીજી ફિલ્મને જોડતો તાર મળી ગયો. પહેલી ફિલ્મમાં ઘટનામાં પરિવારે કેવા અનુભવ કર્યા એની વાત હતી. હવે તમે છ વર્ષ પછી જુઓ પરિવાર કઈ રીતે વિકસ્યો છે. હવે ત્રીજા ભાગમાં અમે ફરી ૩.૫ થી ૪ વર્ષ આગળની વાત કરી રહ્યા છીએ. આપણને ખબર છે કે જ્યોર્જકુટ્ટીએ કઈ રીતે પુરાવાઓનો નાશ કર્યો હતો. હવે આપણે જોઈશું કે તેના પછી પરિવાર સાથે શું બને છે.''ત્રીજા ભાગની વાર્તા વિશે જોસેફ જણાવે છે, ''હું એ જ વાર્તા લખું છું, જે આગળના ભાગ સાથે સહજ રીતે જોડી શકાય. મને ખબર નથી આ ભાગ સાથે તેની વાર્તા અટકશે કે નહીં..મને જો કોઈ નવો દૃષ્ટિકોણ મળે તો હું ચોથો ભાગ પણ લખી શકું છું. હું એવું નથી કહેતો કે હું કરીશ જ, પણ શક્યતા નકારી શકાય નહીં. મને જ્યારે ત્રીજા ભાગમાં રસપ્રદ બાબતો મળી ત્યારે જ મેં તેના પર કામ શરૂ કર્યુ હતું.''ત્રીજા ભાગ વિશે વિગતો ન આપવા બાબતે જિતુ જોસેફે કહ્યું, ''ત્રીજો ભાગ કયા દૃષ્ટિકોણથી બન્યો છે, એ હું હાલ કહી શકીશ નહીં, તેના માટે તમારે ફિલ્મની રાહ જોવી પડશે. મેં જ્યારે ત્રીજા ભાગની જાહેરાત કરી ત્યારે ઘણા લોકોએ કહ્યું હતું કે તેમાં બીજા ભાગથી સારી સ્ક્રિપ્ટ હોવી જોઈએ. પરંતુ હું આગળની ફિલ્મથી મોટી બનાવવા માટે નવી ફિલ્મ નથી બનાવતો. હું બસ એ પરિવારના જીવનનાં નવાં પ્રકરણની વાર્તા કહેવા માગું છું.''મલયાલમ, હિન્દી અને તેલુગુ ફિલ્મો એકસાથે રિલીઝ કરવા અંગે જીતુ જોસેફે કહ્યું કે ''હિન્દી અને તેલુગુ ફિલ્મના મેકર્સે અમને એકસાથે રિલીઝ કરવા માટે પૂછ્યું છે. તકલીફ એ છે કે ભારત સહીત વિદેશમાં પણ સિરીઝ લોકપ્રિય છે. તેથી હિન્દી અને તેલુગુ ફિલ્મ મેકર્સને ચિંતા છે કે જો મલયાલમ ફિલ્મ પહેલાં રિલીઝ થઈ તો તેમની ફિલ્મની બોક્સ ઓફિસ પર અસર થશે કારણ કે લોકોને પહેલાંથી જ વાર્તા ખબર હશે.

## શાહ બાનોના પરિવારે કોર્ટમા કરી અરજી

# યામી ગૌતમની ફિલ્મ હકની રિલિઝ સામે અવરોધ



**શાહબાનોની પર્સનલ લાઈફ પર ફિલ્મ બનાવતા પહેલા તેમના વારસદારોની પરવાનગી ન લીધી હોવાનો આક્ષેપ કરાયો**

અભિનેત્રી યામી ગૌતમ અને ઈમરાન હાશમીની ફિલ્મ હક સામે અવરોધ આવીને ઊભો છે. ફિલ્મ જેમના કેસ પર આધારિત છે તે શાહબાનોના પરિવારજનોએ કોર્ટમાં ધા નાખી છે. ફિલ્મમેકર્સે શરિયતના કાયદાનો ખોટી રીતે રજૂ કર્યો છે અને શાહ બાનોના કેસ પર ફિલ્મ બનાવ્યા પહેલા પરિવારની પરવાનગી લીધી નથી, તેવા આક્ષેપ સાથે તેઓ ઈન્દોર હાઈકોર્ટમાં ગયા છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ફિલ્મમેકર્સને લીગલ નોટિસ પણ મળી છે. તેમણે શાહબાનોની પર્સનલ લાઈફ પર ફિલ્મ બનાવતા પહેલા તેમના વારસદારોની પરવાનગી ન લીધી હોવાનો આક્ષેપ થયો છે.ઈમરાન હાશમી અને યામી ગૌતમની આ ફિલ્મ મુસ્લિમ મહિલાના છૂટાછેડા પછીના મેઈનટેનન્સના હક વિશેની વાત લઈને આવી છે. ફિલ્મનું ટ્રેલર ઘણું લોકપ્રિય થયું છે અને ફિલ્મ આવતા શુક્રવારે એટલે કે ૭મી નવેમ્બરે થિયેટરમાં આવી રહી છે.લેન્ડમાર્ક કેસ તરીકે ઓળખાતા શાહબાનો કેસની પ્રાપ્ત વિગતો અનુસાર એડવોકેટ પતિ સાથે પરણેલી શાહ બાનોનાં પતિએ બીજા લગ્ન કર્યા અને પહેલી પત્નીને ત્રિપલ તલ્લાક આપી તેનાં સંતાનોની જવાબદારીથી હાથ ખંખેરી લીધા. ૧૯૭૮નાં આ કેસમા શહબાનો કોર્ટ ગયાં હતા અને સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પર્સનલ લોથી ઉપર સેક્યુલર લો છે અને તે ન્યાયે મુસ્લિમ મહિલાઓને પણ છૂટાછેડા બાદ મેઈનટેનન્સ મળવું જોઈએ તેવો આદેશ આપ્યો હતો.જોકે તત્કાલીન સરકારે મુસ્લિમોના વિરોધની સામે નમતું જોખી અધ્યાદેશ બહાર પાડી આ કાયદાનો અમલ થવા દીધો ન હતો. સામાજિક દબાણ એટલું હતું કે શાહબાનોએ પોતાનો કેસ પાછો ખેંચવો પડ્યો હતો અને આજીવન મેઈનટેનન્સ પણ લીધું ન હતું. જોકે થોડા સમય બાદ તેમનાં વકીલ ડેનિયલ લતીફીએ ફરી સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો અને મુસ્લિમ મહિલાઓને પણ તલ્લાક બાદ પતિ તરફથી ભરણપોષણ માટેની એક યોગ્ય રકમનો હક છે, તેવો કાયદો પસાર થયો. અને આજીવન મેઈનટેનન્સ પણ લીધું ન હતું. જોકે થોડા સમય બાદ તેમનાં વકીલ ડેનિયલ લતીફીએ ફરી સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો અને મુસ્લિમ મહિલાઓને પણ તલ્લાક બાદ પતિ તરફથી ભરણપોષણ માટેની એક યોગ્ય રકમનો હક છે, તેવો કાયદો પસાર થયો.

# બહારથી આવતા એક્ટર્સનો નેપો બેબીઝ પર ગુસ્સો હું સમજી શકું છું

**ફરાહ ખાને સાનિયા મિર્ઝાના પોડકાસ્ટ શોમાં પોતાના બાળપણની યાદો તાજી કરવાની સાથે નેપોટીઝમ અંગે પણ વાત કરી**

ફિલ્મ મેકર અને કોરિયોગ્રાફર ફરાહે ખાને કેટલીક સુપરહિટ ફિલ્મ અને લોકપ્રિય ગીતોથી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું અલગ સ્થાન બનાવ્યું છે, હવે તેણે પોતાનો યુટ્યુબ પર શો પણ શરૂ કર્યો છે. તે ભલે એક ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પરિવારમાંથી આવે છે, પરંતુ તેનું બાળપણ ઘણું સંઘર્ષમાં વિત્યું છે. તેના પિતાનું નાની ઉંમરે જ નિધન થઈ ગયું હતું. તાજેતરમાં ફરાહ ખાને સાનિયા મિર્ઝાના પોડકાસ્ટ શોમાં પોતાના બાળપણની યાદો તાજી કરવાની સાથે નેપોટીઝમ અંગે પણ વાત કરી હતી. તેણે ખુલાસો કર્યો હતો કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બહારથી આવતા કલાકારોનો ગુસ્સો અને તકલીફ તે સમજે છે અને તેઓ ઈન્ડસ્ટ્રીના બાળકો માટે કેટલો ગુસ્સો ધરાવે છે, તે અંગે વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું કે તે સફળ થવા છતાં આજે પણ આર્થિક રીતે અસુરક્ષા અનુભવે છે.ફરાહને પૂછાયું કે શું તેનાં આર્થિક સંઘર્ષે તેને આજે જેવી છે તેવી બનાવી છે, તે પ્રશ્નના જવાબમાં ફરાહે કહ્યું, ''આજ સુધી, હું પૈસા બાબતે અસુરક્ષા અનુભવું છું. મારા માટે, જો હું આર્થિક રીતે સુરક્ષિત હોય તો જ આરામથી રહી શકું છું, મને માત્ર એ એક જ અસુરક્ષા છે. તેથી જ મારો કામ માટેનો જુસ્સો હંમેશા જળવાઈ રહે છે. હું કદાચ સક્રિયપણે ફિલ્મ ડિરેક્ટ ન કરતી હોય, છતાં આજે પણ હું મારી કૅરિઅરના શરૂઆતના દિવ, કરતાં પણ આજે વધુ મહેનત કરું છું. અમે અમારા પિતાના ખુબ સમૃદ્ધથી ગરીબ બનતા જોયા છે અને થોડાં વર્ષો સુધી અમે અતિ ગરીબીમાં જીવ્યાં છીએ.''આજે લોકો સફળતાને જે રીતે જુએ છે, તે અંગે ફરાહે જણાવ્યું, ''આજે બધઆને સ્ટ્રગલ સ્ટોરી જોઈએ છે. જેણે જીવનમાં ક્યારેય સંઘર્ષ જોયો નથી તે પણ કોઈ વિચિત્ર વાતમાંથી કંઈક ઉપજાવી કાઢવાની કોશિષ કરે છે. પરંતુ હું ખુશ છું કે મારા બાળકો પાસે આવી કોઈ વાર્તા નહીં હોય.''સ્ટારકિડ્ઝ માટે બહારથી આવતા કલાકારોની અકળામણ અંગે ફરાહે કહ્યું, ''જ્યારે લોકો બહારથી મુંબઈ આવે છે અને પછી નેપો બૅબીઝ માટે તેમને જે ગુસ્સો હોય છે, તે હું બરાબર સમજી શકું છું. હું સમજી શકું છું એ ગુસ્સો ક્યાંથી આવે છે, કારણ કે એમને દર મહિને ઘરનાં ભાડાં ભરવા પણ સંઘર્ષ કરવો પડે છે. તેમના માટે, સ્ટાર કિડ્ઝના સંઘર્ષનો કોઈ મતલબ જ નથી.''



# ઝાલોદ વિધાનસભા ભાજપનું સ્નેહ મિલન રાજ્યકક્ષાના મંત્રી રમેશ કટારાની અધ્યક્ષતામાં કંમ્બોઈ ધામ ખાતે યોજાયું

**રાજ્યકક્ષાના મંત્રી રમેશ કટારા, સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય મહેશ ભૂરીયા ,દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલ ધરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા**





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ ૧૩૦ વિધાનસભા ભાજપનું સ્નેહ મિલન ગુરુ ગુરુ ગોવિંદ લીમડી તાલુકાના કંબોઈ ધામના ગોવિંદ ગુરુ મંદિરના પ્રાંગણમાં યોજાયું હતું. આ પ્રસંગે આવેલ સહુ મહેમાનોનું સ્વાગત ઢોલકુંડી સાથે વાજતે ગાજતે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ઉપ સ્થિત સહુ મહેમાનો દ્વારા ગોવિંદ ગુરુ મંદિરે જઈ પૂજા અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. ઉપસ્થિત સહુ મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરી ભાજપ સ્નેહ મિલન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આવેલ સહુ મહેમાનોનુ સ્વાગત કર્યા બાદ ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય દ્વારા ભાજપ સ્નેહમિલનમા ઉપસ્થિત સહુ ભાજપ કાર્યકર્તાઓનું અભિવાદન કર્યુ હતું અને નવ વર્ષ સહુ લોકો માટે ઉન્નતિ સાથે સુખમય રહે સાથે સાથે સહુ લોકો ખુબ પ્રગતિ કરી આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવી હતી. ધારાસભ્ય મહેશ ભૂરીયા એ કહ્યું હતું કે ભાજપ એક વિકાસના વિઝન સાથે આગળ વધી રહેલ છે, ભાજપના વડ-ાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહુ લોકો સંકલન રાખી જન જનના વિકાસ માટે પ્રયત્નશીલ છે. આ વિસ્તારના વિકાસ માટે રાજ્યકક્ષાના મંત્રી તરીકે ગુજર-ાત સરકાર દ્વારા ફતેપુરા ધારાસભ્ય રમેશ કટારાની નિમણૂક કરેલ છે. કેન્દ્ર અને ગુજરાતમા ભાજપની ડબલ એન્જિનની સરકાર સતત આ વિસ્તારના વિકાસ માટે પ્રયત્નશીલ છે. ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા તેમજ ભાડૂતી માણસો લાવી આ વિસ્તારમાં સભા કરે છે તેમ કહ્યું હતું. ભાજપ ગામડે ગામડે જઈ દરેક યોજનાઓ લાવી ગ્રામીણ વિસ્તારોના વિકાસ કરશે. ભાજપના ધારાસભ્ય તરીકે રાત દિવસ આ વિસ્તારની જરૂરિયાત મુજબ સરકારી રાહે આ વિસ્તારના ચોક્કસ વિકાસના વિઝન સાથે કામગીરી કરવામાં આવનાર છે તેમ કહ્યું હતું. ઝાલોદ વિધાનસભા ભાજપ આખી ટીમ આ વિસ્તારોમાં ચોક્કસ કામગીરી થાય તેવી કામગીરી કરવા માટે અથાગ પ્રયત્નો કરી રહેલ છે. દાહોદ જિલ્લા ભાજપ સ્નેહલ ધરીયા એ કહ્યું હતું કે આવનાર દિવાસોમા તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતની ચુંટણી આવી રહેલ છે તેમાં ભાજપની સરકાર હોવાથી સાથે રહી ભાજપ સાથે જોડાઈ ચોક્કસ કામગી-રી કરે તેવા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. તેમજ ગ્રામીણ થી શહેર સુધી ભાજપ સંગઠન વધુ મજબૂત બને તે માટે કામગીરી કરવા કાર્યકર્તાઓ ને આહવાન કર્યું હતું. રાજ્યકક્ષાના મંત્રી રમેશ કટારા એ નવ વર્ષ સ્નેહમિલન માટે ઉપસ્થિત ભાજપ સંગઠનના તમામ લોકોનું અભિવાદન કર્યું હતું. તેમજ કહ્યું હતું કે થોડા દિવસ પહેલાં ડુંગરી ગામે એક પાર્ટીનો નેતા આ વિસ્તારના લોકોને છેતરવા માટે અહીં આવેલો પણ ભાડાની ભીડ થી આ વિસ્તારમાં એનું કઈ પણ આ વિસ્તારમાં ઉપજવાનુ નથી. ખેડૂતો અને ગ્રામીણ કક્ષાના ગરીબ લોકોની કોઈ ચિંતા કરે છે તો તે ભાજપ જ છે તેમજ તેઓએ વિપક્ષો પર પ્રહાર કરતા કહ્યું કે આ વિસ્તારના ભોળા લોકોને ભરમાવા આવેલ કોઈ નેતાનું આ વિસ્તારમાં ઉપજવાનુ નથી. દાહોદ જીલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોરે ભાજપનાં સ્નેહમિલનમા ઉપ સ્થિત સહુ લોકોને માર્ગદર્શન આપ તા કહ્યું હતું કે ગુજરાતમાં ઉમરગામ થી અંબાજી વિસ્તારમાં આદીવાસી વિસ્તારના વિકાસ માટે મંત્રીઓ ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે. જેથી આ વિસ્તારમાં પણ ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે આગામી ચૂંટણીમાં ભાજપ જંગી બહુમતીથી જીતે તે દિશામાં કામગીરી કરવાની છે. ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા આ વિસ્તારના વિકાસ માટે સતત કામગીરી કરી રહેલ છે. વિશ્વની સૌથી માટી પાર્ટી એ ભાજપની પાર્ટી છે અને દેશના વિકાસના વિઝનને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત આગળ વધાવી રહેલ છે.

# માનનીય રેલવે મંત્રીએ અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી

## અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ અને હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી





। (રેલ્વે) અમદાવાદ, તા.૩ ।

માનનીય રેલ, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે તારીખ ૦૩.૧૧.૨૦૨૫ના રોજ અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ અવસરે તેમણે અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલ પુનર્વિકાસ કામો તથા હાઈ-સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રો-જેક્ટની પ્રગતિની સમીક્ષા કરી.

માનનીય રેલ, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી અને આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે ભારતમાં યાત્રીઓની આવશ્યકતાઓ ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં રેલ્વે સ્ટેશનોના વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવી રહ્યા છે. હાલ ૧૩૦૦થી વધુ સ્ટેશનો પર પુનર્વિકાસની કામગીરી ચાલી રહી છે, જેમાં અમદાવાદ સ્ટેશન એક મુખ્ય કેન્દ્ર છે.

શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે અમદાવાદ સ્ટેશન ખાતે ૧૬ માળની આધુનિક બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સરસપુર તરફ બુલેટ ટ્રેન પ્રો-જેક્ટનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે અને અમદાવાદ હાઈ-સ્પીડ રેલ સ્ટેશન લગભગ પૂર્ણ થવા આવ્યું છે. બુલેટ ટ્રેન સ્ટેશન અને અમદાવાદ રેલ્વે સ્ટેશનને એકીકૃત સ્વરૂપે વિકસાવવામાં આવી રહ્યા છે, સરસપુર સાઈડ મેટ્રો સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને મુસાફરો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે અમદાવાદ સ્ટેશનને ત્રણ વધાર-ાના પ્લેટફોર્મ્સ મળશે, જેથી ટ્રેનોની સંચાલન ક્ષમતા વધશે. સ્ટેશનને શહેરના બંને તરફ, કાલુપુર અને સરસપુર બાજુ આધુનિક સ્વરૂપે વિકસાવવામાં આવી રહ્યું છે. બધા પ્લેટ-ફોર્મ્સ કોંકોર્સ રૂફ પ્લાઝાથી આવરી લેવાશે અને સ્ટેશન પર એલિવેટેડ રોડનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ રીતે કાલુપુર અને સરસપુર બન્ને તરફના ભાગોને કોંકોર્સ, એલિવેટેડ રોડ અને ફૂટઓવર બ્રિજથી જોડવામાં આવશે. મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે છેલ્લી વખત જ્યારે તેમણે પ્રોજેક્ટ-નું નિરીક્ષણ કર્યું હતું ત્યારે ભોંયરુંનું કામ ચાલુ હતું, હવે બે ભૂગર્ભ ભોંયરાઓ અને ગ્રા-ઉન્ડ ફ્લોરનું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે ચોથા માળ સુધીની સ્ટ્રક્ચર ફ્રેમ તૈયાર થઈ ગઈ છે.

દેશના મુખ્ય ૨૦ સ્ટેશનો જેમ કે દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને અમદાવાદમા-ંથી નવી ટ્રેનોની માંગ વધુ આવે છે. ગુજરાતમાં અમદાવાદ અને સુરતથી પણ વધુ માંગ રહે છે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને ટ્રેનોની સંચાલન ક્ષમતાને વધારવા માટે અમદાવાદના વટવામાં એક મેગા ટર્મિનલ વિકસાવવામાં આવશે, જેમાં ૧૦ પિટ લાઈનો બનાવવામાં આવશે. જેના માધ્યમથી અંદાજે ૪૫ વધારાની ટ્રેનોની ક્ષમતા વધશે, જેથી ક્યા-ંક ૧૫૦ જેટલી ટ્રેનોનું સંચાલન શક્ય બનશે. અમદાવાદ સ્ટ-ેશનનું પુનર્વિકાસ કાર્ય વારસાગત સ્મારકોને આધુનિક શહેરી કેન્દ્ર સાથે જોડવાની વિચારધાર પર આધારિત છે. આ પ્રોજેક્ટ વિશ્વ સ્તરના મલ્ટીમોડલ ટ્રાન્સ પોર્ટ હબ (MMTH) તરીકે વિ-કસિત થશે, જેમાં પર્યાપ્ત પાર્કિંગ, કાલુપુર ROB અને સારંગ પુર ROBને જોડતો એલિવેટેડ રોડ નેટવર્ક, લેન્ડસ્કેપ્ડ પ્લાઝા, કોંકોર્સ વિસ્તાર અને અદ્યતન મુસાફરી સુવિધાઓ સામેલ રહેશે. સ્ટેશનની વાસ્તુશિલ્પીય ડિઝાઈન મોઢેરાના સૂર્ય મંદિરથી પ્રેરિત છે, જે સાંસ્કૃતિક વારસો અને આધુનિક સૌંદર્યનો સુંદર સંગમ રજૂ કરશે. કાલુપુર તર-ફનું આઈકોનિક MMTH ટાવર અમદાવાદના આર્કિટેક્ચરલ દ્રશ્યમાં એક નવું પ્રતીક બનશે. ASI દ્વારા સુરક્ષિત 'ઈંટ મીનાર' તથા 'ઝૂલતા મીનાર'ને પણ પુનર્વિકાસ યોજનામાં સામેલ કરવામાં આવશે.

# વાજબી ભાવના દુકાનદારોને વિતરણની કામગીરી શરૂ કરવા અને સહયોગ આપવા અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારનો અનુરોધ



। અમદાવાદ, તા.૩ ।

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારની અધ્યક્ષતામાં અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારના વાજબી ભાવના દુ-કાનદારો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમાર પણ ઉપ સ્થિત રહ્યા હતા. આ બેઠકમાં દુ-કાનદારો સાથે સંવાદ સાધતાં સુશ્રી મોના ખંધારે વાજબી ભાવના દુ-કાનદારોને તાત્કાલિક ધોરણે વિતરણ પ્રક્રિયા શરૂ કરવા તથા જરૂરિયાતમંદ લોકોને સમયસર અનાજ અને ખાદ્ય સામગ્રી પ હોંચાડવા માટે અપીલ કરી હતી. અગ્ર સચિવશ્રીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી તથા અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી દ્વારા વિવિધ એસોસિયેશનના પ્રશ્નો બાબતે હકારાત્મક વલણ અપનાવવામાં આવ્યું છે. સુશ્રી મોના ખંધારે વધુમાં જણાવ્યું હતું કે સરકારે એસોસિએશન દ્વારા રજૂ કરવામાં આવેલા ૨૦ મુદ્દાઓમાંથી ૧૧ મુદ્દાઓ તાત્કાલિક સ્વીકારી લીધા છે. બા-કીના મુદ્દાઓ નીતિ વિશષક છે, જે અંગેની પ્રક્રિયા ચાલી રહી છે, જેનું હકારાત્મક પરિણામ ટૂંક સમયમાં આવી જશે.

અગ્ર સચિવશ્રીએ ચલણ ભરીને કામગીરી શરૂ કરનાર વાજબીભાવના દુકાનદારોનો આભાર માનીને જણાવ્યું હતું કે જરૂરિયાતમંદ લોકોની સેવા કરવામાં આપણે સૌ સહયોગીઓ છીએ. હાલની વાવાઝોડ-ાની સ્થિતિમાં સામાન્ય લોકોને સમયસર અનાજ પૂરું પાડવાની આપણી જવાબદારી આપ ણે સૌ સારી રીતે નિભાવીશું, એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. જાહેર વિતરણ વ્યવસ્થાની બાબતે ગુજરાત અગ્રેસર રહ્યું છે. વન નેશન, વન રાશનથી લઈને અનેક બાબતોમાં રાજ્યમાં સારી કામગીરી ચાલી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારે પણ વાજબી ભાવના દુકાનદાર-ોને ચલણ ભરવા અને વિતરણની કામગીરી નિયમિત કરવા અનુર-ોધ કર્યો હતો. આ બેઠકમાં અન્ન

# ઝાલોદ નગરમાં ડિસેમ્બર મહિનામાં યોજવામાં આવનાર આંતર રાજ્ય સુંદર કાંડ સ્પર્ધા સફળતા પૂર્વક પૂર્ણ થાય તે માટે હનુમાનજીના ચરણોમાં અરજી કરવામાં આવી





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ નગરમાં ચતુર્થ આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધા ડિસેમ્બર મહિનાની ૨૦ તારીખ શનિવારના રોજ રાત્રીના ૮ કલાકે બી.એમ.હાઈસ્કૂલના પ્રાંગણમાં યોજાવાની છે તેને લઈ સુંદર કાંડ સ્પર્ધા ની રાહ દેખતાં ભાવિક ભક્તોમા ખુશી જોવા મળી રહેલ છે. આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધા યોજતા પ હેલા આ સ્પર્ધાના આયોજકો દ્વારા બીજા ગામ,નગર કે રાજ્ય બહાર યોજાતી સુંદર-કાંડ સ્પર્ધાઓમા જઈ ટીમોનું અવલોકન તેમજ આયોજકો સાથે આયોજન અંગે વિસ્તાર પૂર્વક માહિતી મેળવી તેની રૂપ રેખા નક્કી કરવામાં આવતી હોય છે. આ રૂપરેખા નક્કી કરવા માટે આયોજકો ને એક એક વર્ષ ઉપરાંતનો સમય લાગતો હોય છે. આ વખતે ડિસેમ્બર ૨૦ ના રોજ યોજાનાર સુંદરકાંડ સ્પર્ધા માટે સાત ટીમોનું કન્ફરમેશન મેળવેલ છે જેમાં (૧) સુંદરકાંડ મંડળ ,અયોધ્યા, (૨)સુંદર-કાંડ મંડળ ,વારાણસી (ભદોહી),(૩) સુંદરકાંડ મંડળ ,રાજસમંદ ,(૪) સુંદર-કાંડ મંડળ ,ભીલવાડા,(૫) સુંદરકાંડ મંડળ ,સાજાપુર ,(૬)સુંદરકાંડ મંડળ , લીમખેડા ની ટીમો છે અને સ્પર્ધામા નહીં પણ ફક્ત લોકચાહના ને માન આપી વિશેષ પ્રસ્તુતિ માટે (૭)સુંદરકાંડ મંડળ ,અમજેરા ની સંમતિ લેવામાં આવેલ છે. સુંદરકાંડ સ્પર્ધા દરમ્યાન ભક્તિમય સુંદરકાંડ સ્પર્ધા સાથે ધાર્મિક ઝાંખી પણ રજૂ કરવામાં આવતું હોય છે. આ વિશેષ આકર્ષણમા આગ્રાની મશહૂર ઝાંકી જેમાં આ વખતે અયોધ્યા રામ લલ્લાની ઝાંકી તેમજ હવામાં ઉડતા હનુમાનજી તેવીજ રીતે રામદરબાર,રાધા કૃષ્ણ મહારાસ,શ્યામબાબા ની ઝાંકી,ભસ્મ આરતી મહાકાલ અને મહાકાળી રાક્ષસ સંહાર વિગેરે પ્રસ્તુતિ થસે. આ સમગ્ર રૂપરેખા પ્રમાણે સુંદરકાંડ સ્પર્ધા સફળતા પૂર્વક પૂર્ણ થાય તે માટે સુંદરકાંડ સ્પ ર્ધાના આયોજકો દ્વારા વણકતળાઈ હનુમાનજી મંદિર ખાતે જઈ તેઓના ચરણોમાં નમન કરી આ સુંદરકાંડ સ્પર્ધા સુંદર અને આયોજન પ્રમાણે પૂર્ણ કરવાની જવાબદારી સ્વયં હનુમાનજી દાદાને અપાઈ હતી. તેમજ આ સ્પ ર્ધા માટે હનુમાનજી દાદા આયોજકો ને પ્રેરણા પૂરી પાડે તે માટે હનુમાનજી દાદાના ચરણોમાં અરજી કરી હતી અને આયોજકો ને આ સ્પર્ધા પૂર્ણ કરવામાં સદૈવ સાથે રહી તેઓને યોગ્ય દિશા સાથે સચોટ કામગીરી કરવા માટે બળ પૂરું પાડે તેવી યાચના હનુમાનજી દાદા પાસે કરવામાં આવી હતી.

# કમોસમી વરસાદ બાદ ખેડા જિલ્લામાં પાક સર્વેની ઝૂંબેશ, ૧,૩૫,૦૦૦ હેક્ટર જમીનનું સર્વે કાર્ય પૂર્ણ

**ખેતીવાડી વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રની ટીમો મેદાનમાં ; ખેડૂતોને ટૂંક સમયમાં મળશે વળતર સહાય**

। (પ્રતિનિધી) ભાવનગર,તા.૩ ।

દિવાળીના તહેવારો બાદ આવેલ કમોસમી વરસાદને કારણે ખેડા જિલ્લાના અનેક તાલુકાઓમાં પાકને ભારે નુકસાન થયું હતું. આ સંજોગોમાં જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા સત્વરે સર્વેની ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી. વિભાગના ઈન્ચાર્જ જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી આર.ડી. પટેલના જણાવ્યા મુજબ જિલ્લામાં કુલ ૧૩૦ ટીમોનું ગઠન કરીને મેદાનમાં ઉતારી દેવામાં આવી છે. ૩ નવેમ્બર, સોમવાર સાંજ સુધીમાં કુલ ૧,૩૫,૦૦૦ હેક્ટર જમીનનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. સર્વે બાદ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પંચરોજકામની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે. પાક સર્વેની ઝડપી કામગીરીથી ખેડૂતોમાં આશાનું કિરણ દેખાયું છે કે સરકાર ટૂંક સમયમાં પાક નુકસાની માટે વળતર આપશે. ડભાણ ગામના ખેડૂત શ્રી હરીશભાઈ કાંતિભાઈ પટેલ જણાવે છે કે અઢી વીઘા જમીનમાં ડાંગરનું વાવેતર કર્યું હતું પરંતુ માવઠાને કારણે પાક સંપૂર્ણ નાશ પામ્યો. તેઓ કહે છે, "સર્વેની કામગીરી ઝડપથી થઈ ગઈ છે, હવે સરકાર તરફથી સહાયની રાહ જોવાઈ રહી છે." એ જ રીતે શ્રી ઘનશ્યામભાઈ મનુભાઈ પટેલ અને શ્રી વિક્રમભાઈ રાજેન્દ્રપ્રસાદ પંડ્યાએ પણ પોતાની જમીનમાં થયેલ નુકસાનની વાત કરતાં જણાવ્યું કે વિભાગના અધિકારીઓ તાત્કાલિક મેદાને આવ્યા અને સર્વે પૂર્ણ કર્યો. તેઓએ આશા વ્યક્ત કરી કે "સરકાર વહેલી તકે વળતર ચુકવશે તો નવી સિઝન માટેની તૈયારી સરળ બનશે." હાથનોલી ગામની મહિલા ખેડૂત શ્રી હંસાબેન નટવરસિંહ ચૌહાણે ૨૦ વીઘા જમીનમાં ડાંગરનું વાવેતર કર્યું હતું જે કમોસમી વરસાદને કારણે ધોવાઈ ગયું. હંસાબેન કહે છે, "ખેતીવાડી વિભાગે ખૂબ જ ઝડપથી સર્વે પૂર્ણ કર્યા. હવે સરકાર જલ્દી સહાય આપશે તેવો વિશ્વાસ છે." હાથનોલી ગામના સરપંચ શ્રી નરેન્દ્રસિંહ રતિલાલ ચૌહાણે જણાવ્યું કે ગામમાં ડાંગરની ખેતીને વિશેષ નુકસાન થયું છે. "પાક સર્વે અને પંચરોજકામની કામગીરી લગભગ પૂર્ણ છે, સરકાર ખેડૂતોને ઝડપથી સહાય આપે એવી અમારી અપેક્ષા છે," એમ તેમણે ઉમેર્યું. આ તકે નડિયાદ કિસાન સંઘના પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલે યોગ્ય માહિતી સંકલન દ્વારા વધુ સર્વે કરવામાં આવે અને નુકસાનની માત્રા પ્રમાણે ખેડૂતોને સત્વરે વળતર આપવા અનુરોધ કર્યો હતો.

# અમદાવાદ જિલ્લામાં નવેમ્બર માસનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે

જિલ્લા કક્ષાના 'સ્વાગત' કાર્યક્રમ માટે અરજદારો પોતાના પ્રશ્નો તા. ૧૦/૧૧/૨૫ સુધીમાં જિલ્લા કલેક્ટરશ્રીને મોકલી આપવા અનુરોધ રાજ્ય સરકાર દ્વારા લોક ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે રાજ્યના તમામ જિલ્લા અને તાલુકા કક્ષાએ દર મહિને સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. આ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પણ નવેમ્બર મહિનાનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે. આગામી તા. ૨૬/૧૧/૨૫ના રોજ તાલુકા કક્ષાનો તથા તા. ૨૭/૧૧/૨૫ના રોજ જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે. આ સ્વાગત કાર્યક્રમ થકી અરજદારોના પ્રશ્નોનું ત્વરિત હકારાત્મક રીતે નિવારણ કરવામાં આવશે. નિવાસી અધિક કલેક્ટરશ્રી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાના 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' માં ભાગ લેવા માંગતા અરજદારો પોતાના પ્રશ્નો તા. ૧૦/૧૧/૨૫ સુધીમાં જિલ્લા કલેક્ટરશ્રીને મોકલી આપવા અનુરોધ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.



**કર્ક (ડ,હ) :**

આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.



**સિંહ (મ,ટ) :**

આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે સ્વાસ્થ્યની દ્દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.



**તુલા (ર,ત) :**

આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપ ાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.



**મકર (ખ,જ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### બોલિવૂડ એક્ટર પંકજ ત્રિપાઠીના માતાનું નિધન



। (એજન્સી) કોલકત્તા, તા.૩ ।

મિર્ઝાપુર વેબસિરીઝના એક્ટર કાલીન ભૈયા એટલે કે પંકજ ત્રિપાઠીના માતાનું નિધન થયું છે. બિહારના રહેવાસી પંકજ ત્રિપાઠીના માતા હેમવંતી દેવીએ ૮૯ની ઉંમરમાં છેલ્લા શ્વાસ લીધા છે. તેમની માતા ગોપાલગંજમાં રહેતી હતી. ૨ વર્ષ પહેલા એક્ટરના પિતાનું પણ નિધન થયું હતું. ત્રિપાઠી પરિવાર દ્વારા આ મુદ્દે નિવેદન આપવામાં આવ્યું કે શ્રીમતી હેમવંતી દેવીએ તેમના પ્રિયજનોની વચ્ચે આજે છેલ્લા શ્વાસ લીધા છે. વધુમાં જણાવવામાં આવ્યું કે તેમની માતાની તબિયત ઠીક ન હોવાને કારણે એક્ટર પણ તેમના ઘરમાં જ હતા. એટલે કે માતાના અંતિમ ક્ષણોમાં એક્ટર પણ તેમના સાથે જ હતા. ત્રિપાઠી પરિવાર દ્વારા જે નિવેદન જાહેર કરવામાં આવ્યું તેમાં જણાવવામાં આવ્યું કે અમને સૌને પંકજ ત્રિપાઠીની માતા શ્રીમતી હેમવંતી દેવીના નિધનની સૂચના આપતા સમયે દુઃખ થઈ રહ્યું છે. સાથે જ પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું કે શુક્રવારે બિહારના ગોપાલગંજ બેલસંડ સ્થિત તેમના ઘરે તેમનું નિધન થયું છે.

### અર્શદીપ સિંહે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મેળવ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતે ત્રીજી T20 મેચમાં અર્શદીપ સિંહની શાનદાર બોલિંગ અને વોશિંગ્ટન સુંદરની ધમાકેદાર ઈનિંગ્સને કારણે ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટથી હરાવ્યું. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગ્સમાં ૧૮૬ રન બનાવ્યા હતા. પ્લેઈંગ ઈલેવનમાં વાપસી સાથે અર્શદીપ સિંહે ૩૫ રન આપીને ત્રણ વિકેટ લીધી.

પ્રથમ બે મેચમાં અર્શદીપ સિંહને બેન્ચ પર રાખવામાં આવ્યો હતો જેના કારણે હર્ષિત રાણાને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું. ૧૮૭ રનના ટાર્ગેટનો પીછો કરતા ભારતે ૧૮.૩ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૮ રન બનાવીને જીત મેળવી, વોશિંગ્ટનના ૨૩ બોલમાં અણનમ ૪૯ રનની મદદથી ભારતે શાનદાર જીત મેળવી.

અર્શદીપ સિંહ T20 ક્રિકેટમાં ભારત માટે સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. આમ છતાં તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળી શક્યું ન હતું.

ઓસ્ટ્રેલિયા સામે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યા બાદ તેણે કહ્યું, ''હું ફક્ત મારી પ્રોસેસ પર કામ કરી રહ્યો છું.'' હું મારી કુશળતા પર વિશ્વાસ કરી રહ્યો છું અને મારી યોજનાઓને વળગી રહ્યો છું. જ્યારે પણ મને તક મળે છે, ત્યારે યોગદાન આપવાનું ખૂબ સારું લાગે છે.

### ૫૬ ઇંચની છાતીમાં કંઈ નથી : રાહુલ ગાંધી

# ટ્રમ્પના કહેવાર પર PMએ ઓપરેશન સિંદૂર અટકાવ્યું

### નીતીશ કુમારની ૨૦ વર્ષની સરકારે શિક્ષણ, આરોગ્ય અને રોજગારના ક્ષેત્રમાં કોઈ નક્કર કામ કર્યું નથી: રાહુલ

। (એજન્સી) બેગૂસરાય, તા.૩ ।

બિહાર વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે બેગૂસરાયમાં ચૂંટણી રેલીને સંબોધી હતી. તેમણે સદર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અમિતાભ ભૂષણના સમર્થનમાં વોટ માંગ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર આકરા પ્રહારો કર્યા હતા.



રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર નિશાન સાધતા કહ્યું કે, '૫૬ ઈંચની છાતીમાં કંઈ નથી, તે ડરપોક છે. ૧૯૭૧માં અમેરિકાએ ધમકી આપી હતી, છતાં મારા પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ ઝુંક્યા વગર પાકિસ્તાનને હરાવીને બાંગ્લાદેશ બનાવ્યું હતું.' રાહુલે આક્ષેપ કર્યો છે કે, 'અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કહેવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂર રોકી દીધું હતું. મોદીજી યુવાનોને રીલ બનાવવાની સલાહ આપીને બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચાર જેવા અસલી મુદ્દાઓથી ભટકાવવા માંગે છે.'

રાહુલ ગાંધીએ વચન આપ્યું છે કે, જો કેન્દ્ર અને બિહારમાં INDIA ગઠબંધન સત્તામાં આવશે, તો શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લવાશે. અમે નાલંદા યુનિવર્સિટી જેવી વિશ્વસ્તરીય સંસ્થાઓ બનાવીશું અને અહીં વિશ્વભરના વિદ્યાર્થીઓ ભણવા આવશે. કોંગ્રેસની સરકાર કોઈ એક જાતિ કે વર્ગની નહીં હોય, પરંતુ તમામ વર્ગના વિકાસ માટે કામ કરશે. હવે મેડ ઈન ચાઈના નહીં, પણ મેડ ઈન બિહાર ચાલશે.' રાહુલ ગાંધીએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પણ પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, 'નીતીશ કુમારની ૨૦ વર્ષની સરકારે શિક્ષણ, આરોગ્ય અને રોજગારના ક્ષેત્રમાં કોઈ નક્કર કામ કર્યું નથી. વડાપ્રધાન મોદી માત્ર વોટ લેવા માટે ડ્રામા કરે છે, ખોટું બોલે છે, સત્તામાં રહેવા માટે તેઓ કંઈ પણ કરવા તૈયાર છે. આજે બિહારનો યુવાન મહેનતથી ભણે છે, પરંતુ બે-ત્રણ દિવસ પહેલા માહિતી મળે છે કે, પેપર લીક થઈ ગયું. ભાજપના નજીકના લોકોને પહેલેથી જ પેપર મળી જાય છે અને તે પરીક્ષા પાસ કરી લે છે, જ્યારે સામાન્ય યુવાનો મજૂરી કરવા બહાર જવા મજબૂર છે.'

### કેન વિલિયમસને ૭૫ મેચોમાં કેપ્ટનશીપ કરી

## સ્ટાર બેટર કેન વિલિયમસનની T20 ઈન્ટરનેશનલથી નિવૃત્તિની જાહેરાત

### તેણે ૩૩ની સરેરાશથી ૨૫૭૫ રન બનાવ્યા છે, જેમાં ૧૮ અડધી સદી અને ૯૫નો શ્રેષ્ઠ સ્કોરનો સમાવેશ થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ન્યુઝીલેન્ડના સ્ટાર બેટર કેન વિલિયમસને ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. વર્ષ ૨૦૨૬ વર્લ્ડ કપ પહેલા માત્ર ચાર મહિના પહેલા લેવાયેલો તેમનો નિર્ણય ન્યુઝીલેન્ડ ક્રિકેટ માટે મોટો ઝટકો છે.

નિવૃત્તિ જાહેર કરતા કેન વિલિયમસને કહ્યું, હું લાંબા સમયથી આ ફોર્મેટનો ભાગ છું, અને તેની સાથે જોડાયેલી દરેક યાદ અને અનુભવ મારા માટે ખૂબ જ ખાસ છે. હવે મને લાગે છે કે મારા અને ટીમ બંને માટે યોગ્ય સમય છે. આનાથી ટીમને આગામી સીરિઝ અને તેમના આગામી મોટા લક્ષ્ય, T20 વર્લ્ડ કપ માટે સ્પષ્ટતા મળશે. ન્યુઝીલેન્ડ ટીમ અંગે કેન વિલિયમસને કહ્યુ, અમારી પાસે હાલમાં ખૂબ જ પ્રતિભાશાળી T20 ટીમ છે. આવનારા વર્ષો આ ખેલાડીઓ માટે વધુ ક્રિકેટ રમવા અને વર્લ્ડ કપની તૈયારી કરવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે. મિચ (મિશેલ સેન્ટનર) એક શાનદાર કેપ્ટન છે અને તેમણે આ ટીમનું શાનદાર સંચાલન કર્યું છે. હવે બ્લેક કેપ્સને આગળ વધારવાનો સમય છે. હું હંમેશા તેને સપોર્ટ કરીશ. ૩૫ વર્ષીય કેન વિલિયમસને તેના ૯૩ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સારું પ્રદર્શન કર્યું છે. તે ન્યુઝીલેન્ડનો બીજા ક્રમનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે, તેણે ૩૩ની સરેરાશથી ૨૫૭૫ રન બનાવ્યા છે, જેમાં ૧૮ અડધી સદી અને ૯૫નો શ્રેષ્ઠ સ્કોરનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૧માં T20માં ડેબ્યૂ કરનાર કેન વિલિયમસને ૭૫ મેચોમાં કેપ્ટનશીપ કરી છ.

### જાફરાબાદના ધોળાદ્રી ગામે કરુણાંતિકા

## પાણીના પ્રવાહમાં લાપતા ખેડૂતનો બે દિવસ બાદ મૃતદેહ મળ્યો

### બે દિવસ પહેલા ખેતરે ગયેલા ખેડૂત લાપતા થયા હતા

। (એજન્સી) જાફરાબાદ, તા.૩ ।

જાફરાબાદ તાલુકાના ધોળાદ્રી ગામમાં રહેતા એક ખેડૂતના પાણીના પ્રવાહમાં તણાઈ જવાથી મોત નિપજ્યાની દુઃખદ ઘટના સામે આવી છે. બે દિવસ પહેલા ખેતરે ગયેલા ૫૫ વર્ષીય ખેડૂત લાપતા થયા હતા, જેમની બે દિવસની સખત શોધખોળ બાદ આજે મૃતદેહ મળી આવ્યો હતો.

મળતી વિગતો અનુસાર ધોળાદ્રી ગામના રહેવાસી જાદવભાઈ રાઠોડ (ઉ. વ. ૫૫) બે દિવસ અગાઉ પોતાના ખેતરે ગયા હતા. તે દરમિયાન તેઓ અચાનક પાણીના ભારે પ્રવાહમાં ફસાઈ ગયા હતા અને જોતજોતામાં પ્રવાહમાં તણાઈ જતાં ગુમ થયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું અને ખેડૂતની શોધખોળ માટે એનડીઆરએફ (NDRF) ની ટીમને બોલાવવામાં આવી હતી. છેલ્લા બે દિવસથી એનડીઆરએફની ટીમ દ્વારા લાપતા જાદવભાઈની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ ગંભીર ઘટનાની જાણ થતાં રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેઓ પોતે પણ ગુમ થયેલા ખેડૂતની શોધખોળના કાર્યમાં જોડાયા હતા અને તંત્રને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આખરે બે દિવસની અથાક મહેનત અને સઘન શોધખોળ બાદ એનડીઆરએફની ટીમને જાદવભાઈ રાઠોડનો મૃતદેહ મળી આવ્યો હતો. ખેડૂતના આકસ્મિક અવસાનને કારણે ધોળાદ્રી ગામ સહિત સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

### હવે NEETના સ્થાને NExT હેઠળ મેડિકલમાં પ્રવેશ સહિતની પ્રક્રિયા




। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતમાં મેડિકલ એજ્યુકેશનમાં મોટા ફેરફાર થવા જઈ રહ્યા છે. નેશનલ મેડિકલ કમિશને (NMC) જણાવ્યું છે કે, મેડિકલ ગ્રેજ્યુએટ્સ માટે નેશનલ એક્ઝિટ ટેસ્ટ (NExT)ને લાગુ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયા લાગુ થવાથી NEETના સ્થાને NExTને રહેશે અને ડૉક્ટર બનવાની સમગ્ર પ્રક્રિયામાં બદલાવ આવશે. જોકે, NExT હાલ તો તાત્કાલિક ધોરણે લાગુ કરાશે નહીં. તેવામાં ચાલો જાણીએ NEETએ NExTમાં કઈ રીતે પરિવર્તિત થશે અને ડૉક્ટર બનાવની આખી પ્રક્રિયા વિશે. અત્યાર સુધીમાં NEET દ્વારા મેડિકલ કોલેજમાં MBBS અને BDS કોર્ષ માટે એડમિશનની પ્રક્રિયા થતી હતી. જ્યારે હવે NMC અનુસાર, આગળ જતાં ડૉક્ટર બનવા, મેડિકલ પ્રેક્ટિસનું લાયસન્સ મેળવવા અને ગ્રેજ્યુએટમાં પ્રવેશની પ્રક્રિયા એક જ પરીક્ષા NExTને ધ્યાને લેવાશે. ન્રઈટ્ને એક કોમન એક્ઝામ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેનાથી દેશની તમામ મેડિકલ કોલેજના વિદ્યાર્થીનું મુલ્યાંકન એક જ સ્તરે થઈ શકે. આનાથી મેડિકલ એજ્યુકેશનની ક્વોલિટી અને ડૉક્ટરોની ક્વોલિફિકેશનમાં પણ સુધારો થવાની અપેક્ષા છે. NMCના ચેરમેન મુજબ, NExT પરીક્ષાને ઓગસ્ટ, ૨૦૨૫થી લાગુ કરવાની યોજના હતી, પરંતુ તેને સ્થગિત કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાને તરત જ લાગુ નહીં કરાય, પરંતુ પહેલા તેની તૈયારી, સ્ટ્રક્ટર અને ફીડબેક પર કામ કરાશે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન સાથે મળેલી બેઠક બાદ NMCએ જણાવ્યું હતું કે, આગામી ત્રણથી ચાર વર્ષ સુધી મૉક ટેસ્ટ આયોજિત કરાશે. આ ટ્રાયલ પરીક્ષા પછી ચકાસવામાં આવશે કે, ન્રઈટ્ને લાગુ કરવું કેટલું યોગ્ય છે. ન્રઈટ્નો સંપૂર્ણ ખર્ચ NMC ઉઠાવશે. NExT પરીક્ષાને લઈને પહેલા જ અનેક વિદ્યાર્થીઓ અને ડૉક્ટર સંગઠનોએ વિરોધ નોંધાવ્યો છે.

## ભારત દેશનું ફોરેક્સ રિઝર્વ ૬.૭૨૫ અબજ ડોલર ઘટ્યું

### ગોલ્ડ-ફોરેન કરન્સી એસેટ્સમાં ઘટાડાનું પરિણામ : વર્તમાન રિઝર્વ્સ ૧૧ માસની આયાતને કવર કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતનું ફોરેક્સ રિઝર્વ આ ગત સપ્તાહમાં ૬.૯૨૫ અબજ ડોલર ઘટી ૬૯૫.૩૫૫ અબજ ડોલર થયું છે. જોકે, તે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૭૦૪.૮૯ અબજ ડોલરના રેકોર્ડ સ્તર નજીક સ્થાન જાળવી રાખ્યું છે.

આ ઘટાડો ફોરેન એસેટ્સ અને ગોલ્ડ રિઝર્વમાં ઘટાડાને કારણે નોંધાયો છે. આરબીઆઈએ જણાવ્યું કે, વર્તમાન રિઝર્વ્સ ૧૧ માસની આયાતને કવર કરી શકે છે. ભારતનું ફોરેક્સ રિઝર્વ્સ ગત સપ્તાહે ૬.૯૨૫ અબજ ડોલર ઘટ્યું છે. આરબીઆઈના તાજેતરના વીકલી સ્ટેટિસ્ટિકલ સપ્લિમેન્ટ રિપોર્ટ અનુસાર, ૨૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પૂર્ણ થતાં સપ્તાહમાં દેશની કુલ રિઝર્વ્સ ઘટી તાજેતરના ૬૯૫.૩૫૫ અબજ ડોલર થયું હતું.

આરબીઆઈ રિપોર્ટ અનુસાર, ફોરેક્સ રિઝર્વ્સનો અત્યંત મહત્ત્વનો ભાગ ફોરેન કરન્સી એસેટ્સ છે. જે ઘટી ૫૬૬.૫૪૮ અબજ ડોલર થયુ હતું. તેમાં ૩.૮૬૨ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. ગોલ્ડ રિઝર્વ્સ પણ ૩.૦૧૦ અબજ ડોલર ઘટી ૧૦૫.૫૩૬ અબજ ડોલર થયુ હતું. આ ઘટાડો વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા અને સોના માટે રોકાણકારોની માંગમાં વધારો થવાને કારણે નોંધાયો હતો. ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો નોંધાયો હોવા છતાં હજી પણ સ્થિર અને મજબૂત સ્થિતિમાં છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ હાલમાં જણાવ્યું હતું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ્સ ૧૧ માસથી વધુ આયાતને કવર કરવા માટે પર્યાપ્ત છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ફોરેન કરન્સી માર્કેટમાં દરમિયાનગિરી કરતાં રૂપિયાનું મૂલ્ય સ્થિર રાખવા માટે ડોલરની ખરીદ-વેચાણની રણનીતિ અપનાવી શકે છે. ફોરેક્સ રિઝર્વ્સ ૨૦૨૪માં ૨૦ અબજ ડોલરથી વધ્યું હતું. જ્યારે ૨૦૨૩માં તેમાં ૫૮ અબજ ડોલરનો વધારો જોવા મળ્યો હતો.

### પૂર્વ CJI રમણાનો ગંભીર આક્ષેપ

## મને દબાવવા માટે મારા પરિવાર પર કેસ દાખલ કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) એન.વી.રમણાએ અમરાવતીમાં વીઆઈટી-એપી યુનિવર્સિટીના પાંચમા દીક્ષાંત સમારોહને સંબોધિત કરતી વખતે ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે જગન મોહન રેડ્ડીની સરકાર પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, 'સાંવિધાનિક સિદ્ધાંતોનું રક્ષણ કરનારા ન્યાયિક અધિકારીઓએ પણ દબાણ અને ઉત્પીડનનો સામનો કરવો પડ્યો છે. જે ન્યાયાધીશોનો કોઈ રાજકીય કેસમાં હાથ નહોતો, તેમના પરિવારજનોને પણ રાજકીય સંગઠનોએ નિશાન બનાવ્યા હતા.'

એન.વી.રમણાએ કહ્યું કે, 'તમે બધા જાણો છો કે મારા પરિવારને કેવી રીતે ટાર્ગેટ કરાયો અને તેમની વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા. આ બધું માત્ર મને દબાવવા માટે કરવામાં આવ્યું હતું. તે મુશ્કેલ સમયમાં જે લોકો ખેડૂતોના મુદ્દાના પક્ષમાં હતા.

## વિશેષ

### ટેરિફ આતંકવાદ છે : બાબા રામદેવ : ટ્રમ્પના ભારે ટેરિફને આતંકવાદ અને આર્થિક યુદ્ધ ગણાવ્યું

# બાબા રામદેવે અમેરિકન આર્થિક નીતિઓ પર આકરા પ્રહારો કર્યા

। નવી દિલ્હી, તા.૩ ।

વેપાર સંબંધોને લઈને ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, એક તીક્ષ્ણ અને મહત્વપૂર્ણ નિવેદન બહાર આવ્યું છે. આ નિવેદન પતંજલિ આયુર્વેદના સહ-સ્થાપક બાબા રામદેવનું છે. તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આર્થિક નીતિઓ, ખાસ કરીને વિવિધ દેશો પર લાદવામાં આવી રહેલા ભારે ટેરિફ ની સખત નિંદા કરી છે. બાબા રામદેવે આ ટેરિફને ''આતંકવાદ'' ગણાવ્યા છે અને આ ''આર્થિક યુદ્ધ'' ની તુલના ત્રીજા વિશ્વયુદ્ધ સાથે કરી છે.




બાબા રામદેવે યુએસ આર્થિક નીતિ પર પોતાના વિચારો વ્યક્ત કરતા વખતે ખૂબ જ કઠોર શબ્દોનો ઉપયોગ કર્યો હતો. તેમણે કહ્યું, ''ટેરિફ આતંકવાદ સમાન છે, તે ખૂબ જ ખતરનાક છે. બીજા વિશ્વયુદ્ધ પછી, જો ત્રીજું વિશ્વયુદ્ધ થાય છે, તો તે આ આર્થિક યુદ્ધ છે.'' તેમણે એ પણ ભાર મૂક્યો કે આ વૈશ્વિક આર્થિક સંઘર્ષમાં, ઓછામાં ઓછા ગરીબ અને વિકાસશીલ દેશોના હિતોને ધ્યાનમાં લેવા જોઈએ.

બાબા રામદેવે અમેરિકાની નીતિઓ પર નિશાન સાધ્યું, તેમને ''સામ્રાજ્યવાદી'' અને ''વિસ્તરણવાદી'' ગણાવ્યા. તેમણે વિશ્વની શક્તિ અને સમૃદ્ધિ પર થોડા લોકો દ્વારા નિયંત્રણ રાખવાની વ્યવસ્થાની આકરી ટીકા કરી. તેઓ સ્પષ્ટપણે માને છે કે આવી વ્યવસ્થા સમગ્ર વિશ્વમાં ફક્ત અસમાનતા, અન્યાય, શોષણ અને સંઘર્ષ તરફ દોરી જશે.

તેમણે ચેતવણી આપી, ''દરેક વ્યક્તિએ પોતાની મર્યાદામાં રહેવું જોઈએ અને દરેક સાથે આગળ વધવાની પરંપરાને મજબૂત બનાવવી જોઈએ. જો મુઠ્ઠીભર લોકો વિશ્વની શક્તિ, સંપત્તિ, સમૃદ્ધિ અને શક્તિને નિયંત્રિત કરશે, તો અસમાનતા, અન્યાય, શોષણ, સંઘર્ષ અને રક્તપાત ફક્ત સમગ્ર વિશ્વમાં ફેલાશે.'' આ ટિપ્પણી સીધી વૈશ્વિક વ્યવસ્થા પર પ્રશ્ન ઉઠાવે છે, જ્યાં આર્થિક નીતિઓ સામાન્ય માણસના જીવનને અસર કરી રહી છે.

જ્યારે બાબા રામદેવને પૂછવામાં આવ્યું કે શું આવા આર્થિક યુદ્ધનો જવાબ 'સ્વદેશી' ઉત્પાદનો અપનાવવા હોઈ શકે છે, ત્યારે તેમણે તેનું જોરદાર સમર્થન કર્યું. તેમણે સ્વદેશીના દર્શનને ઊંડાણપૂર્વક સમજાવતા કહ્યું કે તે ફક્ત સ્થાનિક ઉત્પાદનો ખરીદવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેનો મુખ્ય સિદ્ધાંત બધાને એકસાથે ઉત્થાન આપવાની ભાવના (સર્વોદય) માં રહેલો છે. તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આર્થિક નીતિઓ, ખાસ કરીને વિવિધ દેશો પર લાદવામાં આવી રહેલા ભારે ટેરિફ ની સખત નિંદા કરી છે. બાબા રામદેવે આ ટેરિફને ''આતંકવાદ'' ગણાવ્યા છે અને આ ''આર્થિક યુદ્ધ'' ની તુલના ત્રીજા વિશ્વયુદ્ધ સાથે કરી છે. તેમણે કહ્યું, ''સ્વદેશી એ આત્મનિર્ભરતા અને સમાજના છેલ્લા વ્યક્તિના ઉત્થાનની ફિલસૂફી છે.'' બાબા રામદેવે યાદ અપાવ્યું કે મહર્ષિ દયાનંદથી લઈને સ્વામી વિવેકાનંદ સુધીના ઘણા મહાન ભારતીય હસ્તીઓએ ''સ્વદેશી'' ના વિચારની હિમાયત કરી છે.

### ૧,૦૫૦થી વધુ વાહનોના થપ્પા

# રાજકોટ માર્કેટ યાર્ડમાં મગફળી અને કપાસની ધમાકેદાર આવક

। (એજન્સી) રાજકોટ,તા.૩ ।

જે ૧,૦૫૦થી વધુ વાહનોના થપ્પા લાગ્યા હતા. જેમાં આજે સૌથી વધુ આવક કપાસ અને મગફળીની થઈ છે. યાર્ડમાં આજે સૌથી વધારે આવક મગફળીની છે. કપાસ અને મગફળીના પાકની સાથે સાથે અન્ય જણસીની પણ આવક થઈ છે. જણસીઓ ભરેલા વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી ઉતરાઈ કરાવવામાં આવી હતી. રાજકોટ માર્કેટ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, વા. ચેરમેન તથા ડિરેક્ટરઓ સહિતના સ્ટાફ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી.

યાર્ડમાં આજે જાડી મગફળીની આવક ૨,૪૦૦ ક્વિન્ટલ અને ઝીણી મગફળીની આવક ૨,૪૦૦ ક્વિન્ટલ થઈ હતી. ભાવની વાત કરીએ તો જાડી મગફળીનો ભાવ ૮૪૦થી ૧,૧૭૫ રૂપિયા અને ઝીણી મગફળીનો ભાવ ૯૨૦થી ૧,૩૨૦ રૂપિયા બોલાયો હતો. જ્યારે કપાસની આવક ૩,૬૦૦ ક્વિન્ટલ થઈ હતી. કપાસનો ભાવ ૧,૩૦૦થી ૧,૫૭૧ રૂપિયા બોલાયો હતો.

યાર્ડમાં તલની આવક ૩,૦૦૦ ક્વિન્ટલ થઈ છે. તલનો ભાવ ૧,૮૫૦થી ૨,૩૦૦ રૂપિયા એક મણનો બોલાયો હતો. કાળા તલની આવક ૫૨૦ ક્વિન્ટલ થઈ હતી. કાળા તલનો ભાવ ખેડૂતોને ૩,૪૨૫થી ૪,૬૫૦ રૂપિયા એક મણનો મળ્યો હતો. આજે ટુકડા ઘઉંની આવક ૧,૨૪૦ ક્વિન્ટલ અને લોકવન ઘઉંની આવક ૫૦ ક્વિન્ટલ થઈ હતી. ભાવની વાત કરીએ તો ટુકડા ઘઉંનો ભાવ ૫૧૪થી ૬૧૧ રૂપિયા અને લોકવન ઘઉંના ભાવ ૫૧૯થી ૫૪૭ રૂપિયા એક મણનો બોલાયો હતો. યાર્ડમાં મગના પાકની આવક ૧,૦૪૦ ક્વિન્ટલ થઈ હતી. મગનો ભાવ ખેડૂતોને ૯૦૦થી ૧,૫૫૦ રૂપિયા એક મણનો મળ્યો હતો. યાર્ડમાં મગની સાથે સાથે પીળા અને સફેદ ચણાના પાકની પણ આવક થઈ હતી. પીળા ચણાની આવક ૬૪૦ ક્વિન્ટલ અને સફેદ ચણાની આવક ૧,૩૦૦ ક્વિન્ટલ થઈ હતી. ભાવની વાત કરીએ તો પીળા ચણાનો ભાવ ૯૨૫થી ૧,૧૧૧ રૂપિયા અને સફેદ ચણાનો ભાવ ૧,૧૫૧ રૂપિયાથી ૧,૯૯૦ રૂપિયા એક મણનો મળ્યો હતો. યાર્ડમાં બટાકાની આવક ૩,૬૦૦ ક્વિન્ટલ થઈ હતી.

### કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું

# ધોલેરા આગામી સમયમાં હાઈટેક ઉત્પાદનનું મોટુ કેન્દ્ર બનશે

। (એજન્સી) ધોલેરા, તા.૩ ।

કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિની વિગતો મેળવવા માટે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સાયન્સ ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

ધોલેરા અને સાણંદમાં નિર્માણાધીન ટાટા, માઈક્રોન અને સીજી સેમિકોન જેવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે જરૂરી વીજળી, પાણી, લોજિસ્ટિક્સ અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા રેલ, રોડ એન્ડ એર કનેક્ટિવિટીના રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા કામોની તલસ્પર્શી વિગતો આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા મેળવી હતી.

અશ્વિની વૈષ્ણવે આ બેઠકમાં ૧૦ જેટલા ક્રિટિકલ પ્રોજેક્ટ્સની વિગતો મેળવીને તેને સ્પર્શતી બાબતો માટે રેગ્યુલર ફોલોઅપ મીટીંગ થાય તેવા દિશા-નિર્દેશો આપ્યા હતા. તેમણે કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સેમિકન્ડક્ટર ઉદ્યોગોને જરૂરી મદદ માટે 24X7 ઉપલબ્ધ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, ભારતમાં સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ શરૂ કરવા અગાઉ અનેક પ્રયત્ન થયા હતા પરંતુ હવે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શાસન દાયિત્વ સંભાળતા આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ ભારતમાં કાર્યરત થવા જઈ રહ્યા છે.

લોકોને વિશ્વાસ છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સેમિકોન ક્ષેત્રે અગ્રણી લીડર બનશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાત સેમિકોન હબ તરીકે લીડ લે તેવું જે વાતાવરણ વડાપ્રધાનના દિશાદર્શનમાં ઉભુ થયું છે તેને જાળવી રાખીને સેમિકન્ડકટર સેક્ટરના વિકાસ માટે ફોકસ કરવા ટાઈમ બાઉન્ડ પ્લાનિંગ કરવા સંબંધિત વિભાગો સંકલન કેળવીને આગળ વધે તે જરૂરી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ નિયમિત ફોલોઅપ બેઠક યોજવા અને સમયસર ચોકસાઈ સાથે બધા કાર્યો પૂરા કરવાની તાકીદ કરી હતી.

## નારોલ ટ્રાફિક પોલીસ ચોકીમાંથી પકડાયા દારૂડિયા પીએસઆઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાતમાં દારૂબંધીને લીરેલીરા ઉડતા જોવા મળ્યા છે. અમદાવાદ ટ્રાફિક પીએસઆઈ દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા હતા. નારોલ ટ્રાફિક ચોકી પરથી દારૂ પીધેલી હાલતમાં લોકોએ પીએસઆઈને ઝડપ્યા હતા. નારોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પીએસઆઈ જયેન્દ્રસિંહ વીરપુરા સામે કાર્યવાહી કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ નારોલ ચાર રસ્તા ખાતે નારોલ ટ્રાફિક બીટના PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરા દારૂ પીતા ઝડપાયા છે. ગઈ રાત્રિએ નારોલ પોલીસને કન્ટ્રોલ રૂમ પર એક મેસેજ મળ્યો હતો કે, નારોલ બ્રિજ નીચે આવેલ કે ટ્રાફિક પોલીસ સ્ટેશનની નારોલ બીટ ટ્રાફિકની ચોકીમાં PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરા દારૂ પીય રહ્યા છે. આ મેસેજ મળતાની સાથે જ નારોલ પોલીસની એક ટીમ તપાસ માટે પહોંચી હતી. જેમાં પ્રાથમિક તપાસમાં PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરા નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. પોલીસે પહેલા મેડિકલ ટેસ્ટ કરાવીને કાયદેસર નીકાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ નારોલ પોલીસે PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરાની ધરપકડ કરી જામીન પર મુક્ત કર્યા છે.

## ગોંડલમાં એક જ પ્લોટના ૨ દસ્તાવેજ કરી છેતરપિંડી આચરી

। (એજન્સી) ગોંડલ, તા.૩ ।

ગોંડલનાં વાછરા રોડ ઉપર આવેલ ખેતીની જમીન બીનખેતી થયાં બાદ વિ.કે.નગર નામ ઓળખ આપી પ્લોટો પાડી મામા ફોઈના સંતાનોએ કુલમુખત્યાર અને માલિક દરજ્જે એકજ પ્લોટનું બે વાર વેચાણ દસ્તાવેજ કરી આપતાં કરતુત બહાર આવ્યું હતું. જે અંગેની સીટી પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ આપતાં તપાસનો ધમધમાટ શરૃ થવા પામ્યો છે.ગોંડલના ગુંદાળા ગામે રહેતા રંજનબેન રાજુભાઈ પાટડીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેના પિતા બચુભાઈ ગગજીભાઈ મકવાણાએ દેવરાજભાઈ પરબતભાઈ કાથરોટીયા પાસેથી તા.૧૯/૧૨/૨૦૦૦નાં રોજ વાછરા રોડ ઉપર આવેલ વિ.કે.નગરમા પ્લોટ ખરીદ કરેલ હતો. જે હયાત ન હોવાથી પ્લોટમાં વારસાઈ નોંધ કરવા માટે વિગત કઢાવતાં તેમાં અન્ય વ્યક્તિનું નામ આવતા એકજ પ્લોટનું બે વાર વેચાણ થયું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે મુળ માલિક સાથે સંપર્ક કરતાં તેણે કુલમુખત્યાર નામું બીજા વ્યક્તિને કરી આપ્યું હોવાનું જણાવ્યું હતું. જે બન્નેનો સંબંધ મામા ફોઈના હોવાથી મંડળી રચી કરતુત કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

### વિદ્યાર્થિની ભણતરનો ખર્ચ કાઢવા દેહવ્યાપારમાં ફસાઈ!

# પોલીસે હોટલમાં રેડ પાડી હાઈ-પ્રોફાઈલ રેકેટનો કર્યો પર્દાફાશ

## પોલીસે ગ્રાહક બનીને દલાલ સુધી પહોંચીને કમ્ફર્ટ કોવ હોટલમાં રેડ કરતા ચાર યુવતીને ચક્રવ્યૂહમાંથી મુક્ત કરાવી

। સુરત, તા.૩ ।

શહેરના રાંદેર વિસ્તારમાં આવેલા વી સ્ક્વેર શોપિંગ મોલની અંદર ચાલી રહેલા હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચે ભાંડાફોડ કર્યો છે. પોલીસે ગ્રાહક બનીને દલાલ સુધી પહોંચીને કમ્ફર્ટ કોવ હોટલમાં રેડ કરતા ચાર યુવતીઓને દેહવ્યાપારની ચક્રવ્યૂહમાંથી મુક્ત કરાવી હતી. રેસ્ક્યૂ કરાયેલી યુવતીઓમાં નોઇડાની ૨૧ વર્ષની પોલિટિકલ સાયન્સની વિદ્યાર્થિનીનો પણ સમાવેશ થતો હોવાની જાણ થતાં પોલીસ અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચને ૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચોક્કસ માહિતી મળી હતી કે રાંદેર વિસ્તારમાં આવેલી કમ્ફર્ટ કોવ નામની હોટલમાં દેહવ્યાપારનું ગોરખધંધું ચાલે છે. પોલીસ તાત્કાલિક એક સંયુક્ત ટીમ બનાવી ગ્રાહક તરીકે દલાલનો સંપર્ક કર્યો. નક્કી કરાયેલ રકમ માટે હોટલમાં બોલાવાયા બાદ ટીમે યોગ્ય સમયે છાપો મારી દલાલ અને સંચાલકને રંગે હાથ ઝડપ્યા હતા.




રેડ દરમિયાન હોટલના રૂમમાંથી ચાર મહિલાઓને મુક્ત કરાવવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી ત્રણ મોબાઈલ ફોન, ૧૧,૦૦૦ રૂપિયાની રોકડ રકમ અને અન્ય સામાન મળી કુલ ૩૧,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

રેસ્ક્યૂ કરાયેલી ચાર મહિલાઓમાંથી એક નોઈડાની ૨૧ વર્ષની વિદ્યાર્થિની છે. તે રાજકીય વિજ્ઞાનનો અભ્યાસ કરી રહી છે અને પોતાના ભણતર તથા કોલેજ ફી માટે પૈસા એકત્ર કરવા માટે આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં જોડાઈ હતી. પૂછપરછમાં તેણીએ જણાવ્યું કે ગરીબી અને આર્થિક તંગીને કારણે તે એક એજન્ટના માધ્યમથી સુરત આવી હતી. એજન્ટે તેને આ ''પાર્ટ-ટાઈમ કામ''ના બહાને દેહવ્યાપારના ચક્રવ્યૂહમાં ધકેલી દીધી હતી.

બાકીની ત્રણ મહિલાઓ કોલકાતાની રહેવાસી હોવાનું સામે આવ્યું છે. તેઓ પણ પોતાના પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે આ કામમાં જોડાઈ હતી. પોલીસે તમામ મહિલાઓને કાઉન્સેલિંગ માટે મહિલા સંરક્ષણ કેન્દ્રમાં મોકલી છે, જેથી તેઓ આ દલદલમાંથી બહાર આવી શકે અને નવો જીવન માર્ગ અપનાવી શકે.

આ રેકેટનો મુખ્ય સૂત્રધાર રતન મહાદેવ ગયાન ઉર્ફે રાજુ છે, જે મહિલાઓને અલગ-અલગ શહેરોમાંથી બોલાવી હોટલમાં રાખતો હતો. તે ગ્રાહકો સાથે સંપર્ક કરીને શરીર સુખ માટે પૈસા વસૂલી મહિલાઓને ભાગ આપતો અને પોતાનો મોટો હિસ્સો રાખતો હતો. બીજો આરોપી પિયુષભાઈ લીલાભાઈ દેસાઈ, જે હોટલનો સંચાલક છે, દલાલના માધ્યમથી લાવવામાં આવેલા ગ્રાહકો માટે રૂમની વ્યવસ્થા કરી આપતો હતો અને રૂમ ભાડાના રૂપમાં કમાણી કરતો હતો.

બંને આરોપીઓ સામે પોલીસે ''ધ ઈમોરલ ટ્રાફિકિંગ પ્રિવેન્શન એક્ટ (છ)'' હેઠળ ગુનો નોંધ્યો છે અને તેમને રાંદેર પોલીસ સ્ટેશનના હવાલે કરીને વધુ તપાસ શરૂ કરી છે.

મહિલાસેલ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જણાવ્યું કે દેહવ્યાપારના મોટાભાગના કેસોમાં મહિલાઓ આર્થિક પરિસ્થિતિ અને લાલચના કારણે ફસાઈ જાય છે. પરંતુ શિક્ષિત વર્ગમાંથી આવેલી વિદ્યાર્થિનીઓ પણ આવી પ્રવૃત્તિમાં જોડાઈ રહી છે તે ચિંતાજનક છે.

### મુંબઈની સિમરન ઝડપાઈ, પતિ સાથે મળી કર્યો બ્લેકમેઈલ

# ગાંધીધામના પરિણીત યુવક પાસેથી ૫ કરોડ પડાવનાર ઝડપાઈ

## કચ્છના ગાંધીધામનો પરણીત યુવક મુંબઈની સિમરન નામની યુવતી પાછળ પાગલ થયો અને ૫.૫૮ કરોડ ગુમાવ્યા

। (એજન્સી) કચ્છ,તા.૩ ।

કચ્છના ગાંધીધામનો પરણીત યુવક મુંબઈની સિમરન નામની યુવતી પાછળ પાગલ થયો હતો. આ પછી યુવકે મહિલાની ચાહમાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ દરમિયાન ટૂકડે ટૂકડે ૫.૫૮ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. છેતરપિંડી મામલે યુવકે ગત જાન્યુઆરી, ૨૦૨૫માં ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અગાઉ પોલીસે આરોપી યુવતીના પતિ કૈલાસ ગાયકવાડની ધરપકડ કરી હતી. આ પછી હવે, પતિની મદદથી ગાંધીધામના યુવકના કરોડો પડાવવાના ગુનામાં મુંબઈની સિમરનની પોલીસે ધરપકડ કરી લીધી છે. ગાંધીધામના પડાણાના યુવકે ટ્રક, જમીન વેંચી, મિત્ર, પરિચિતો સહિતના લોકો પાસેથી વ્યાજે રૂપિયા લઈને મુંબઈની સિમરન નામની યુવતી પાછળ કરોડો રૂપિયા ગુમાવ્યા હતા. સમગ્ર મામલે યુવકને છેતરપિંડી થઈ હોવાનું જણાતા ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સમગ્ર મામલે આરોપી યુવતીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, કચ્છના ગાંધીધામનો ૩૨ વર્ષીય યુવક વર્ષ ૨૦૨૦માં ફાયનાન્સના કામથી ત્રણ મિત્રો સાથે મુંબઈ ગયો હતો. જ્યાં તેની મુલાકાત સિમરન નામની ગણિકા સાથે થઈ હતી. આ પછી બંને એકબીજાના કોન્ટેક્ટમાં આવ્યા હતા. જો કે, એક વર્ષ બાદ યુવક ફરી મુંબઈ જઈને સિમરનને મળે છે. ત્યારબાદ યુવક સિમરનના મોહમાં આવી જતાં તેને યુવતીને ગાંધીધામ બોલાવી હતી.

## જન્મદિવસની ઉજવણી કરવા વૃદ્ધાની હત્યા કરી બુટ્ટી લૂંટી

। અમદાવાદ, તા.૩ ।

બે મહિના પહેલા ખોખરા વિસ્તારમાં થયેલી હત્યાના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે સચિન ઠાકોર નામના યુવકની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી દોઢેક વર્ષ પહેલા વૃદ્ધાના મકાનની બાજુમાં ભાડે રહેતો હતો. જ્યારે જન્મદિવસની ઉજવણી અને મકાનનું ભાડું ભરવા માટે તેને રૂપિયાની જરૂરિયાત હોવાથી તેણે આ હત્યા કરી લૂંટ ચલાવી હતી.



શહેરના ખોખરા વિસ્તારમાં આવેલ ફુટવાળી ચાલીમાં એક વૃદ્ધાની હત્યાનો મામલો સામે આવ્યો હતો. ૧૧મી સપ્ટેમ્બરની વહેલી સવારે છેલ્લા ચારેક વર્ષથી ફુટવાળી ચાલીમાં એકલા રહેતા વૃદ્ધા ઘનીબેન વાઘેલાનો મૃતદેહ મળી આવ્યો હતો. ઉંમરલાયક હોવાથી વૃદ્ધાનું મૃત્યુ થયું હોઈ શકે તેમ માનીને પરિવાર અંતિમવિધિની તૈયારી કરતો હતો. જો કે આ સમયે વૃદ્ધાના ગળાના ભાગે ઈજાના નિશાન અને તેમની સોનાની બુટ્ટી ગાયબ હોવાનું જોવા મળતા સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ખોખરા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને વૃદ્ધાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

જો કે પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં વૃદ્ધાની હત્યા થઈ હોવાનું સામે આવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી. આરોપીઓને પકડવા માટે પોલીસને અલગ અલગ ટીમો કામે લગાડવામાં આવી હતી અને પોલીસે સતત બે મહિના સુધી તમામ પાસાઓને લઈને તપાસ કરી હતી. પરંતુ શાતિર આરોપી સુધી પોલીસ પહોંચી શકી ન હતી. આખરે પોલીસને એક બાતમી મળી હતી અને તેના આધારે પોલીસે શંકાસ્પદ યુવકને ઝડપી સમગ્ર તપાસ કરતા ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે સચિન ઠાકોર નામના આરોપીને ઝડપી લીધો છે. જેની પૂછપરછમાં તેણે જ આ વૃદ્ધાની હત્યા કર્યા બાદ સોનાની બુટ્ટીની લૂંટ ચલાવી હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે સચિન ઠાકોર દોઢેક વર્ષ પહેલા આ વૃદ્ધાની બાજુની રૂમમાં ભાડે રહેતો હતો.

## એક ટ્રોલી બેગમાંથી મળ્યો ૨૫ વર્ષીય યુવતીનો મૃતદેહ

। (એજન્સી) વડોદરા, તા.૩ ।

દેશમાં હવે ક્યાંય જાહેરમા બેગ, ડ્રમ દેખાય તો લોકોમાં ડરનો માહોલ ફેલાઈ જાય છે. ત્યારે ફરી એકવાર બેગમાંથી લાશ મળી છે. સુરતના કોસંબા નજીક બેગમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો છે. હત્યારાએ યુવતીના પગ બાંધી બે ફૂટની ટ્રોલી બેગમાં બેવડું વાળી લાશ ભરી હતી. હાથ પરના ટેટૂથી પોલીસે તપાસ શરૂ કરી છે. સુરતના કોસંબી વિસ્તારમાં એક બંધ ટ્રોલી બેગમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. કોસંબા ઓવર બ્રિજ પાસે મારુતિના શો રૂમ બાજુના રોડના કિનારે બેગ પડી હતી. માંગરોળ તાલુકાના કોસંબા નજીક લોકોની નજર લાવારીશ બેગ પર પડી હતી. તેથી સ્થાનિકોએ જાણ કરતા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરી હતી. જેમાં બેગમાંથી યુવતીની લાશ મળી આવી હતી. મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. તેમજ હત્યારાને શોધવામાં પોલીસની ટીમો કામે લાગી છે. પોલીસે પ્રાથમિક તપાસમાં જોયું તો, યુવતીના મૃતદેહના પગ બાંધેલા હતા. આખા મૃતદેહને પડીકું વાળે તેમ બેગમાં મૂકાયો હતો. કપડા દ્વારા મહિલાને લાશને બાંધવામાં આવી છે.

## સુરતના સોનીએ ચાંદીના સ્ટમ્પ અને બેટ તૈયાર કર્યા

। (એજન્સી) સુરત, તા.૩ ।

સુરતના જ્વેલર્સનો ભારતીય મહિલા ક્રિકેટની જીત પર મોટી ભેટ આપવાનો નિર્ણય લીધો હતો તે પ્રમાણેનું જ પરિણામ આવ્યું છે. ભારતીય મહિલા ટીમે સેમીફાઈનલમાં જે પ્રમાણેનું પ્રદર્શન કર્યું હતું ત્યારે જ જ્વેલર્સ દીપક ચોક્સીએ નિર્ણય લઈ લીધો હતો કે જો ભારતીય ટીમ ફાઈનલ જીતે છે તો તેમને ચાંદીના સ્ટમ્પ અને બેટ ભેટમાં આપીશું. આ માટે તેમણે પોતાના જ્વલરી શો-રૂમ તરફથી ટૂંકાગાળામાં લીધેલા નિર્ણય પ્રમાણે કામગીરી કરીને ચાંદીના ત્રણ સ્ટમ્પ્સ અને બેટ તૈયાર કરીને ભારતીય મહિલા ક્રિકેટ ટીમને ભેટ આપવા માટેની તમામ તૈયારીઓ કરી દીધી છે. દીપક ચોક્સીએ જણાવ્યું છે કે, બહુ ટૂંકા સમયમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને ઝડપી કામગીરી કરીને સ્ટમ્પ્સ અને બેટ તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે તેમના પત્ની શીતલ ચોક્સીએ પણ ટીમની જીત માટે આનંદ વ્યક્ત કરીને સિલ્વર પ્લેટેડ એટલે કે ચાંદીના બેટ અને સ્ટમ્પ્સની બનાવટ અંગે વાત કરી છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે નવી મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકા સામે રમાયેલી વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ની ફાઈનલમાં ૫૨ રનથી જીત હાંસલ કરી છે. આ જીતમાં શેફાલી વર્મા અને દીપ્તિ શર્માનું મહત્વનું યોગદાન રહ્યું હતું અને તેમની મદદથી ભારતીય ટીમને જીત હાંસલ કરવામાં મહત્વની સફળતા હાથ લાગી છે. ભારતીય મહિલા ટીમની સિદ્ધિને બિરદાવવા માટે સુરતના જ્વેલ્સ દીપક ચોકસી દ્વારા કિંમતી સ્ટમ્પ અને બેટ બનાવવામાં આવ્યા છે. આ ચાંદીના ૩ સ્ટમ્પ અને બેટ બનાવવા માટે ૩૪૦ ગ્રામ ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભારતીય ટીમ સેમીફાઈનલ રમી રહી હતી ત્યારે જ દીપક ચોકસીએ ટીમનું ચેમ્પિયન બનવાનું સપનું જોઈ લીધું હતું. કારણ કે તેમને ટીમ ફાઈનલ જીતી ત્યારે સ્ટમ્પ તૈયાર કરી દેવામાં આવ્યા હતા.

